
# ખાલી કબરનો ચુકાદો



પ્રભુ ઈસુની ખાલી કબર દમસ્કના રસ્તા પર - યરૂશાલેમ

- રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન

(૫૮)

TBGK2

# ખાલી કબરનો ચુકાદો

લેખકઃ

રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન

*એમ.એ. (જર્નાલિઝમ) યુ.એસ.*

કનાન, મિશન રોડ, નડિયાદ - ૩૮૭ ૦૦૨.

પ્રકાશક :-

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ,

અમદાવાદ - ૩૮૦ ૦૦૬

ફોન નં. ૦૭૯ - ૨૬૪૪૫૨૮૧

E-mail: gtbs_1852@yahoo.co.in

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

☆ **ખાલી કબરનો ચુકાદો**

☆ **પહેલી આવૃતિ - ૧૯૯૮, નકલ ૧૧૦૦**
**બીજી આવૃતિ**
૨૦૦૫

☆ **લેખક :**
રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન

☆ **નકલ :** ૧૦૦૦

☆ **મૂલ્ય રૂા.** ૨૦.૦૦

☆ **મુદ્રક :**
જેન્સન કૉમ્પ્યુટર્સ,
૨, મહાવીર એસ્ટેટ, ભગત ધાણા દાળની સામે,
અનુપમ થીએટર પાછળ, ખોખરા, અમદાવાદ - ૮.
ફોન :– ૦૭૯ - ૩૦૯૧૩૦૫૭

રેવ. જેકબભાઈ ડી. મરચંટ તથા શ્રીમતી એમીબહેન જેકબભાઈ મરચંટની પ્રેમભરી યાદમાં આ પુસ્તકનો તમામ ખર્ચ તેમના બાળકો વત્સલાબહેન પૉલ, નિમ્રોદભાઈ મરચંટ, સરલાબહેન રાવ અને સુબોધીકા ક્રિશ્ચિયન તરફથી મળેલ છે.

પ્રભુના સેવક રેવ. જેકબભાઈ ડી. મરચંટ તથા શ્રીમતી એમીબહેનની મંડળીઓમાં તથા કુટુંબમાં કરેલી સેવાઓ માટે તથા મૂકેલા નમૂના માટે પ્રભુનો જ આભાર માનીએ છીએ. તેમના બાળકોની ઉદારતા માટે તેઓના તથા તેમના પરીવારોના પણ આભારી છીએ.

સેક્રેટરી

# પ્રકાશકના બે બોલ

'ખાલી કબરનો ચુકાદો' બીજી આવૃત્તિ પ્રસંગે આનંદની લાગણી અનુભવીએ છીએ. આ પુસ્તકનો અડધો ભાગ વિષય આધારીત સંવાદો રચીને લેખક વિષયની છણાવટ કરેલ છે. બીજી રીતે કહીએ તો નાટયાત્મક પધ્ધતિનો વિશેષ ઉપયોગ કર્યો છે. જ્યારે બીજો અડધો ભાગ પ્રભુ ઈસુથી અસર પામેલા પાત્રોના સંબંધની જીવંત સાક્ષી છે. જે પ્રયાસ વિશિષ્ઠ પ્રકારનો છે. જ્યારે પ્રકરણ નં.૧૦માં લેખકના જીવનની મહત્ત્વની વાતનું નિરૂપણ કરવામાં આવેલ છે.

લેખક પોતે પ્રભુના વચનના અભ્યાસી રહ્યા હતા. તેઓનો અભ્યાસ ફક્ત ટેબલ ખુરશી પર બેસીને જ કરવામાં આવ્યો ન હતો. પરંતુ તે માટે તેઓએ ઘણું સંશોધન પણ કરેલ છે. તેઓએ આ પુસ્તક લખ્યું છે તો તેના વિષયને અનુરૂપ સમજુતી આપેલ છે. ઉપરાંત તેમના વાંચકોને તેથી વિશેષ લાભ થાય તેવો પણ પ્રયત્ન કરેલ છે.

આ નાનુ પુસ્તક ઘણી બધી વિવિધતાઓથી ભરેલું છે. આમાં લેખકની સ્નેહ અને લાંબા વરસોનો અભ્યાસ દેખાઈ આવે છે. તેથી વાંચકોના હાથમાં જ્ઞાનસભર તથા માહિતી સભર પુસ્તક મૂકતા ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી ગૌરવની અને આનંદની લાગણી અનુભવે છે.

આ પુસ્તકના પ્રકાશન પેટે શ્રી નિમ્રોદભાઈ મરચંટ તથા પરીવાર તરફથી પૂરો ખર્ચ મળેલ છે. આભાર.

**સાહિત્ય સેવા સદન**
**એલિસબ્રીજ,**
**અમદાવાદ - ૩૮૦૦૦૬**
**ઑગસ્ટ/૨૦૦૫**

**પ્રેમભાવથી**
**રેવ. હેંમતકુમાર જે. પરમાર**
**સેક્રેટરી**

# ઉપોદ્‌ઘાત

મારે એટલું જ કહેવાનું છે કે, મારી યુવાનીમાં ખ્રિસ્તના પુનરુત્થાનને નકારતાં ઘણાં બધાં લખાણો મેં અનેક પુસ્તકોમાં અને ચોપાનિયામાં વાંચ્યાં હતાં અને તેથી મને ઘણો આઘાત થયો હતો. મને થયું કે, આના વિષે કંઈક કરવું જોઈએ.

આથી મેં દુનિયાભરમાંથી ખ્રિસ્તના પાછા ઊઠવા અને ખાલી કબરને નકારતા મતો એકત્ર કર્યા અને એ પ્રત્યેકની પ્રતિ દલીલો મેં તૈયાર કરી અને આજથી પંદરેક વર્ષો ઉપર ગુજરાતના સંદેશ પ્રકાશનના દૈનિકમાં એક આખું પાનું ભરીને એ વિષે લખાણ આપ્યું હતું. તે વખતના તંત્રી સાહેબનો હું ઘણો આભાર માનું છું કે લગભગ આખું પેજ ભરીને એ લખાણ તેઓશ્રીએ અક્ષરેઅક્ષર છાપ્યું હતું.

અને હવે ખ્રિસ્તના પુનરુત્થાન વિરોધી રદીઆઓને તેમની સામેના પ્રત્યેકના જવાબો તરીકે છેલ્લા દોઢેક અઠવાડિયાથી રાત્રિની મારી ઊંઘમાં એ બધાની દલીલબાજી ચાલતી હતી અને મગજમાં એક પુસ્તકરૂપે તે રૂપ ઘડાઇ ગયું. આવી કોઈ કોર્ટ બેઠી નથી. પણ ખાલી કબર અંગેનો ચુકાદો સ્પષ્ટ કરવા માટે આવી કાલ્પનિક કોર્ટની રચના કરી છે.

જયાનંદ આઈ. ચૌહાન
એપ્રિલ, ૧૯૯૮

# અનુક્રમણિકા


| નંબર | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | ઉપોદ્‌ઘાત | V |
| પ્રકરણ ૧ | કોર્ટનાં પાત્રો | ૧ |
| પ્રકરણ ૨ | આરોપનામું | ૨ |
| પ્રકરણ ૩ | પ્રભુ ઈસુનું ટૂંક જીવનવૃત્તાંત | ૪ |
| પ્રકરણ ૪ | ચોકીદારો અને શિષ્યોની તપાસ | ૧૨ |
| પ્રકરણ ૫ | કબરે ગયેલી સ્ત્રીઓની તપાસ | ૧૭ |
| પ્રકરણ ૬ | ઈસુના શિષ્યોની તપાસ | ૨૦ |
| પ્રકરણ ૭ | યોસેફ અને નીકોદેમસની જુબાની | ૨૮ |
| પ્રકરણ ૮ | ખાલી કબર સંબંધી ના. જજનો ચુકાદો | ૩૦ |
| પ્રકરણ ૯ | મૃત્યુંજય પ્રભુ ઈસુની સુવાર્તાથી આકર્ષાયેલાં કેટલાંક પાત્રો | ૩૭ |
| | ૧. ચંદ્રલીલા | ૩૭ |
| | ૨. પંજાબના સાધુ સુંદરસીંગ | ૩૭ |
| | ૩. બ્રધર બખ્તસીંગ છાબડા | ૩૯ |
| | ૪. આગાપે શહીદ | ૩૯ |
| | ૫-૬. પર્પેચ્યુઆ અને ફેલેશ્યા | ૪૦ |
| | ૭. શ્રી. મણિશંકર રત્નજી ભટ્ટ | ૪૧ |
| | ૮. લાઠીના દરબાર કલાપી | ૪૨ |
| | ૯. કવિશ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા | ૪૨ |
| | ૧૦. શ્રી. નારાયણ વામન તિલક | ૪૩ |
| | ૧૧. મી. ડી. પી. પટેલ | ૪૩ |
| | ૧૨. રેવ. હોર્મસજી અને રેવ. ધનજીભાઈ નવરોજજી | ૪૩ |

| | | | |
|---|---|---|---|
| | ૧૩. | શ્રીમતી ફ્રેનીબહેન અંકલેશ્વરીઆ.... | ૪૪ |
| | ૧૪. | ડૉ. હબીબ યૂસફજી અને<br>નાઝીરઅલી યૂસફજી ............ | ૪૪ |
| | ૧૫. | બિશપ જોન એ. સુભાન .......... | ૪૪ |
| | ૧૬. | શ્રી. ગીરધરલાલ શેઠ ભગત ...... | ૪૫ |
| | ૧૭. | પંડિતા રમાબાઈ ............... | ૪૫ |
| | ૧૮. | હયાટી ટાપુના માણસખાઉં<br>આદિવાસીઓનું બદલાણ ........ | ૪૭ |
| | ૧૯. | અલીન્દ્રા પાસેના સલુણ<br>ગામનો બનાવ ............... | ૪૯ |
| પ્રકરણ ૧૦ | | પુસ્તકના લેખક રેવ. જયાનંદ આઈ. ચૌહાને<br>આપેલી વિગતો ................ | ૫૧ |

# ૧ કોર્ટનાં પાત્રો

– એડ = એડવોકેટ = વકીલ
– ખ્રિસ્તીઓના વકીલ = થાદીતસ
– યહૂદીઓના વકીલ = ગમાલીએલ
– જજ = સર કાયાફાસ
– દાવિદ = સેક્રેટરી
– લેવિકસ = કેસ માંડનાર
– ક્લૉડિયસ = સિપાઈઓના સૂબેદાર



જજ કાયાફાસ

# ૨ આરોપનામું

સન્માનીય જજ સાહેબ
સર કાયાફાસ
યરુશાલેમની હાઈકોર્ટ, યરુશાલેમ

સન્માનીય સાહેબજી :

આપ નામદારને અરજ કરવાની કે, ઈસુ ખ્રિસ્તને હાકેમ પિલાતની હકૂમતમાં વધસ્તંભે જડવામાં આવ્યા હતા અને તેમને ખોપરીની ટેકરી પાસે આવેલી ખાલી કબરમાં દફનાવવામાં આવ્યા હતા. તે કબર આરિમથાઈના યોસેફની હતી. તેણે તે ઈસુને દફનાવવા આપી હતી.

હવે નવો નીકળેલો ખ્રિસ્તી નામનો પંથ તેઓ ઈસુ ખ્રિસ્તના અનુયાયીઓ છે. તેઓ બધે ફરીને કહે છે કે, ઈસુ ખ્રિસ્ત કબરમાંથી જીવંત થઈને ઊઠયા હતા, તેથી કબર ખાલી છે. આમ કહીને તેઓ અમારા જૂથના લોકોમાંથી માણસોને ભોળવીને લઈ જઈને તેમનો પંથ મોટો કરે છે. અમારું માનવું છે કે, ઈસુના શિષ્યો શબ ચોરી ગયા. બીજા કેટલાકનું માનવું છે કે, વિરોધીઓ શબ ચોરી ગયા હતા.

વળી અઠવાડિયાના પહેલા દિવસે શબને સુગંધી લગાડવા ગયેલી સ્ત્રીઓ માગ્દાલાની મરિયમ, બીજી મરિયમ અને સાલોમીએ મૃત્યુમાંથી ઉત્થાન પામેલા ઈસુને વાડીમાં જોયા હતા.

તેમ જ પિતર, અને યોહાને ખાલી કબરમાં મલમલી વીંટાઓ જોઈને માન્યું હતું કે, ઈસુ ઊઠયા છે. તેમ જ એમ્મૌસ જનારા બે

શિષ્યો કહે છે કે, તેઓ એમ્મૌસ જતા હતા, ત્યારે ઈસુ માર્ગમાં અમારી સાથે થયા હતા અને એમ્મૌસમાં અમારા ઘરમાં અમે જમવા બેઠા, ત્યારે તેમને ઓળખ્યા કે તે ઈસુ છે. અમે પાછા યરુશાલેમ ગયા અને શિષ્યોને આ વાત કહી હતી.

ઉપલી મેડી પર એક વખતે ૧૦ અને બીજી વખતે ૧૧ શિષ્યોને ઈસુએ દર્શન આપ્યું હતું. વળી ગાલીલ સમુદ્રને કાંઠે પિતર અને અન્ય શિષ્યો માછલાં પકડતા હતા, ત્યારે ઈસુએ તેમને દર્શન આપ્યું અને તેમની સાથે નાસ્તો પણ લીધો.

વળી પાઉલ પ્રેરિત દમસ્ક જતો હતો, ત્યારે મૃત્યુમાંથી જીવંત થયેલા ઈસુએ દમસ્કના રસ્તા પર તેને દર્શન આપ્યું હતું અને તેને પોતાની સેવા સોંપી હતી. આ ઉપરાંત ગાલીલના પહાડ પર તેમ જ બેથાની પાસેના પહાડ પર પણ ઉત્થાન પામેલા ઈસુ શિષ્યોને દેખાયા હતા.

આપ નામદાર બંને પક્ષના સાક્ષીઓને તપાસી ચુકાદો આપશો કે, કબર કેમ ખાલી છે ? અને ઈસુ મૃત્યુમાંથી ઊઠ્યા છે અને આ વાતો સંબંધી ચુકાદો આપવા વિનંતી છે.

**લેવિક્સ**
*યહૂદી સાન્હેદ્રિન વતી કેસ માંડનાર*

•

# ૩ પ્રભુ ઈસુનું ટૂંકું જીવનવૃત્તાંત

**ગમાલીએલ :** મી. લોર્ડ આ કેસમાં ઘણાંને થતું હશે કે આ પ્રભુ ઈસુ ખ્રિસ્ત કોણ છે ? અને કેવી વ્યક્તિ હતી કે જેની ખાલી કબર વિષે ચુકાદા માટે કોર્ટ કેસ થાય. તો આપ નામદારની મંજૂરીથી પ્રભુ ઈસુ ખ્રિસ્તનું ટૂંકું જીવનચરિત્ર કોર્ટના પ્રત્યેક સભ્યની ફાઈલ માટે આપું છું. તેમનું જીવનવૃત્તાંત બાઇબલના નવા કરાર વિભાગમાં માથ્થી, માર્ક, લૂક, યોહાન ચારે સુવાર્તામાં આપવામાં આવ્યું છે. તેમાંથી વાંચી શકાય.

આ વૃત્તાંત તેમાંથી તૈયાર કરવામાં આવ્યું છે.

પ્રભુ ઈસુ માની તરફથી તેમ જ તેમના પાલક પિતા યોસેફ તરફથી દાવિદ રાજાના વંશના - કુળના હતા. તેઓ મરિયમ કુમારીના પેટે પવિત્ર આત્માથી ગર્ભે રહ્યા હતા. અને બેથલેહેમની ગંદી - ગોબરી ગભાણમાં તેમનો જન્મ થયો હતો. તેમના જીવનનો ઘણો ખરો સમય નાઝરેથમાં પસાર થયો હતો. તેમના વિષે બધાનું માનવું એવું હતું કે, તે યહૂદીઓના આવનાર મસીહા હતા. તેઓ નાનપણથી અતિ ધાર્મિક હતા.

તેઓ ત્રીસ વર્ષના થયા ત્યારે યોહાન બાપ્તિસ્ત દ્વારા બાપ્તિસ્મા લઈને જાહેર સેવામાં જોડાયા. તેઓનો શરૂઆતનો સંદેશો હતો કે, આકાશનું રાજ્ય પાસે આવ્યું છે, માટે પસ્તાવો કરો. તેમણે પસંદ કરેલા શિષ્યો પણ એ જ સંદેશો ફેલાવતા હતા.

તેઓ નિયમશાસ્ત્રના આત્મિક અર્થો ઘટાવતા હતા. અને તે ઉપરાંત યહૂદીઓના આગેવાનો સાદુકીઓ અને ફરોશીઓના ઢોંગી

વલણ અને તેમના બાહ્યક્રિયાકાંડો સામે તેમને ઉઘાડા પાડતા હતા. અને તેમને ઢોંગીઓ તરીકે ગણાવતા હતા. આમ તેમની અને યહૂદીઓના ધાર્મિક આગેવાનો વચ્ચે વૈમનસ્ય વધતું જતું હતું. પ્રભુ ઈસુ માંદાંઓને સાજાં કરતા અને મરી ગયેલાંને જીવતા કરતા હતા વગેરે ચમત્કારો કરતા હતા. તેથી ઈસુની ખ્યાતિ વધતી જતી હતી. આથી યહૂદી આગેવાનોએ તેમને મારી નાખવાનો મનસૂબો કર્યો હતો. આ માટે તેઓ લાગ શોધતા હતા. પ્રભુ ઈસુના જ યહૂદા નામના એક શિષ્યે વિશ્વાસઘાત કર્યો અને ધાર્મિક આગેવાનોને નિશાની આપી કે, પાસ્ખાપર્વની રાત્રે ગેથસેમાને બાગમાં ઈસુ ને તેમનું મંડળ પ્રાર્થના કરવા ગયા હશે. તેમાંથી હું જેને ચુંબન કરું, તે જ ઈસુ ખ્રિસ્ત છે. એમ સમજીને તેમને પકડી લેજો. યહૂદાએ તેના બદલામાં ત્રીસ રૂપિયા લીધા હતા.

ઠરાવેલી રાત્રે યહૂદી ધર્મગુરુઓ મોટું ટોળું લઈને ફાનસ તથા મશાલો લઈને ગેથસમાને બાગમાં આવ્યા હતા અને યહૂદાના નિશાન પ્રમાણે તેઓએ પ્રભુ ઈસુને પકડી લીધા. યહૂદી આગેવાનો જાહેર જનતાથી બીતા હતા. તેથી તેમને જાહેરમાં નહિ, પણ આ રીતે પકડયા.

તેઓ તેમને રાતોરાત પ્રમુખ યાજકના મહેલમાં લઈ ગયા. કાયદો કહે છે કે, કોઈ પણ ન્યાયસભા રાત્રે બોલાવાય નહિ, પણ યહૂદીઓની વડી અદાલત - સાન્હેદ્રિન તાબડતોબ રાત્રે બોલાવવામાં આવી. પ્રભુ ઈસુ પર તેઓ દોષારોપણ કરતા હતા કે પોતાને દેવ-પુત્ર ગણાવતા હતા અને બીજું કે, તેમણે એવું કહ્યું હતું કે, આ મંદિરને પાડી નાખો તેને હું ત્રણ દિવસમાં ઊભું કરીશ. આ તો પ્રભુ ઈસુ પોતાના શરીર વિષે બોલ્યા હતા કે, મને મારી નાખશો, તો હું ત્રીજે દિવસે પાછો ઊઠીશ. આવા પાયા વગરના દોષો તેમના પર મૂકવામાં આવ્યા અને નિયમશાસ્ત્રનો

એક કાયદો છે, કોર્ટ પણ બે માણસની જુબાની દ્વારા જ માણસને દોષિત ઠરાવી શકે. આવી કોઈ સાક્ષીઓ મળી નહિ. તેમ છતાં તેમને મરણદંડને યોગ્ય ઠરાવવામાં આવ્યા.

મરણદંડની સજા તેમના હાથમાં નહોતી. પણ રોમન હાકેમ પિલાતના હાથમાં હતી. તેઓ તો વહેલી સવારે પ્રેતોરિયામાં એટલે પિલાતના દરબારમાં ઈસુને વહેલી સવારે લઈ ગયા. પિલાત હાકેમે ઈસુને ઘણી બાબતો વિષે પ્રશ્નો પૂછ્યા અને તેણે જાહેર કર્યું કે, મને તેનામાં કંઈ પણ ગુનો માલૂમ પડયો નથી. અને મરણદંડને યોગ્ય તેણે કાંઇ કર્યું નથી. નિયમ પ્રમાણે પર્વને દિવસે એક કેદીને છોડી મૂકવામાં આવતો હતો. તેથી પિલાતે યહૂદીઓને પૂછ્યું કે, તમારે સારુ, હું કોને છોડી મૂકું ? જેલમાં બારાબાસ નામનો લૂંટારો છે તેને, કે આ ઈસુને ? લોકોએ બૂમો પાડીને કહ્યું કે, અમારે માટે બારાબાસને છોડી મૂકો. (બારાબાસ તો લૂંટારો હતો, અને તેણે ઘણાં ખૂનો કર્યાં હતાં.)

પિલાતે પૂછયું કે, તો આ ઈસુને હું શું કરું ? આગેવાનોએ જાહેર જનતાને પૈસા આપીને ઉશ્કેર્યા હતા એટલે બધા સામટા પોકારી ઊઠયા કે એને વધસ્તંભે જડાવો, એને વધસ્તંભે જડાવો. કારણ કે તે રાજ્યને ખંડણી આપવાની મના કરે છે અને કહે છે કે, હું રાજા છું અમારે તો રોમન કાઈસાર જ રાજા છે. જો તમે તેને છોડી મૂકશો તો તમે કાઇસારના મિત્ર નથી. અને રાજ્યની વિરુધ્ધની વ્યક્તિને ઉત્તેજન આપો છો.

પિલાતે પૂછયું કે, તો આ ઈસુને હું શું કરું ? આગેવાનોએ જાહેર જનતાને પૈસા આપીને ઉશ્કેર્યાં હતા એટલે બધા સામટા પોકારી ઊઠયા કે એને વધસ્તંભે જડાવો, એને વધસ્તંભે જડાવો. કારણ કે તે રાજ્યને ખંડણી આપવાની મના કરે છે અને કહે છે કે, હું રાજા છું. અમારે તો રોમન કાઈસાર જ રાજા છે. જો તમે

તેને છોડી મૂકશો તો તમે કાઈસારના મિત્ર નથી. અને રાજ્યની વિરૂધ્ધની વ્યક્તિને ઉત્તેજન આપો છો.

પિલાત અને યહૂદીઓ વચ્ચે ઘણા સમયથી ગજગ્રાહ ચાલતો હતો. એટલે તેણે વિચાર કર્યો કે તેને થોડી ઘણી શિક્ષા કરીને છોડી મૂકું. કારણ કે ઈસુમાં તેને કાંઈ દોષ મળતો ન હતો. ફરી તેણે યહૂદી આગેવાનોને પૂછયું કે, હું આ ઈસુને છોડી મૂકવા માગું છું. પણ યહૂદીઓ અને જનતાએ પોકાર્યું કે, તેને વધસ્તંભે જડાવો, વધસ્તંભે જડાવો. એટલે તેઓના ઘાંટા આખરે ફાવ્યા, (માથ્થી ૨૭:૨૪) પિલાતે પાણી મંગાવીને પોતાના હાથ ધોઇ નાખ્યા અને કહ્યું કે તેના લોહી સંબંધી હું નિર્દોષ છું. ત્યારે યહૂદી આગેવાનોએ પોકાર્યું કે, તેનું લોહી અમારે માથે અને અમારાં સંતાનોને માથે, તેઓના ઘાંટા આખરે ફાવ્યા. પિલાતે ઈસુને યહૂદી આગેવાનોના હાથમાં સોંપી દીધા. તમારે જે કરવું હોય તે કરો.

તેઓ ઈસુને સિપાઈઓ અને ટોળાની વચ્ચે લઈ ગયા અને રાજા તરીકે તેની ઠઠ્ઠા મશ્કરી કરી. તેમના મોં પર થૂંક્યા, અને લપડાકો મારી માથે કાંટાનો મુગટ મૂક્યો. પછી તેઓએ ઈસુને રોમન ફટકાનો માર મારવાનો હુકમ આપ્યો. આ કોરડા એ ભયંકર શિક્ષા હતી. ચામડાની વાધરીઓમાં લોખંડની અને હાડકાંની કરચો ગૂંથવામાં આવી હોય અને ફટકા ગુનેગારના શરીરની પીઠ પર મારવામાં આવે, ત્યારે કોરડા ફરી વળીને તેની પીઠ અને પેટ પર વાગતા અને ત્યાંથી માંસના કટકા પેલી કરચો દ્વારા નીકળતા હતા. અને લોહી પણ પુષ્કળ નીકળતું હતું. કેટલીક વાર તો ફટકાઓ સહેતાં જ માણસ મરી જતો હતો. આ પછી તેઓએ ઈસુની આવી લોહી ઝરતી પીઠ પર તેમને લાકડાનો ભારે વધસ્તંભ ઊંચકાવ્યો અને તેમને વધસ્તંભે જડવા માટે ગોલગથા કે ખોપરીની ટેકરી પર લઈ ગયા.

તેઓએ વધસ્તંભને નીચે ઢાળીને તેના પર ઈસુને સુવાડયા અને લોખંડના તીક્ષ્ણ ખીલાઓ તેમના હાથમાં ઠોકીને તેમને વધસ્તંભે જડી દીધા અને તેમના બંને પગોમાં પણ ખીલા ઠોકીને વધસ્તંભે જડી દીધા અને પછી વધસ્તંભ ઊંચો કરીને તેને ખાડામાં નાખ્યો.

તે જ ઘડી એ દુઃખની પરાકાષ્ટા હતી. ત્યારે ઈસુએ વધસ્તંભ પરથી બૂમ પાડી કે, "ઓ બાપ, તેઓને માફ કરો, કારણ કે તેઓ જે કરે છે. તે તેઓ જાણતા નથી." આ બૂમ તેમણે વારંવાર ઉચ્ચારી હતી.

બપોરે ૧૨થી ૩ વાગ્યા સુધી આખા દેશમાં અંધકાર રહ્યો હતો અને સાંજના ત્રણના સુમારે ઈસુએ બૂમ પાડી કે, "ઓ મારા બાપ, હું તમારા હાથમાં મારો આત્મા સોંપું છું."

દરમિયાન આરિમથાઈનો યોસેફ લાશ ઉતારી લઈને દાટવા માટેની પરવાનગી માગવા ગયો. પીલાત અચંબો પામ્યો કે એટલામાં તે મરી ગયો. સિપાઇઓની ટુકડીના સરદારે ભાલો લઈને ઈસુની કૂખમાં માર્યો. ભાલો ઠેઠ હૃદયની આસપાસ જે કોથળી હોય છે તેમાં વાગ્યો અને તેમાંથી લોહી અને પાણી નીકળ્યાં. ઘણાં વર્ષોના અનુભવી સરદારે કહ્યું કે તે મરી ગયો છે અને તેણે કહ્યું, કે તે ખરેખર ઈશ્વરપુત્ર હતો.

પછી તેઓ લાશ ઉતારીને લઈ ગયા અને કાલવારીની ટેકરીની પાસે જ યરૂશાલેમથી દમસ્ક જતા રસ્તાની બાજુએ આરિમથાઈના યોસેફની નવી કબર આવેલી હતી. તે તેણે પોતાને માટે જ ખોદાવી હતી. પછી તેઓએ લાશ ઉતારીને યહૂદીઓની દાટવાની રીત પ્રમાણે આરિમથાઈમનો યોસેફ અને નિકોદેમસ જે સો સેર જેટલું બોળ અને અગરનું મિશ્રણ લાવ્યો હતો અને મલમલની સિન્દોન પટ્ટીઓ લાવ્યો હતો. તે વીંટાઓ (પટ્ટીઓ) સુગંધી મિશ્રણ લગાડીને

ઈસુના હાથો તથા પગો પર વીંટયા અને એ વીંટાઓ મિશ્રણ સાથે શરીરની આસપાસ વીંટયા. પછી તેઓએ શબ ઊંચકીને યોસેફની કબરમાં મૂકયું અને કબરના મોં પર મોટો વજનદાર પથ્થર ગબડાવ્યો. આ પથ્થર નીકમાં સરકાવવો સહેલો હતો. પણ સામી દિશામાં ઊંચો ચઢાવવો તે બહુ કઠણ કામ હતું. એને માટે ઓછામાં ઓછા વીસ માણસો જોઈએ.

આ બન્યું ત્યારે માગ્દાલાની મરિયમ તેમ જ ગાલીલની આવેલી બીજી સ્ત્રીઓ આ બધું જોતી હતી. એ પછી જે બન્યું તે આપણી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું છે.

ઈસુએ પોતાના મૃત્યુ અને ઉત્થાન સંબંધી આ પ્રમાણે આગાહી કરી હતી.

## પ્રભુ ઈસુએ પોતાના મૃત્યુ અને પુનરુત્થાનની કરેલી આગાહીઓ

ત્યારથી માંડીને ઈસુ પોતાના શિષ્યોને જણાવવા લાગ્યો કે, હું યરુશાલેમમાં જાઉં, ને વડીલો તથા મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓને હાથે ઘણું વેઠું, ને માર્યો જાઉં, ને ત્રીજે દહાડે પાછો ઊઠું, એ જરૂરનું છે. માથ્થી ૧૬:૨૧; માર્ક ૮:૩૧; લૂક ૯:૨૨-૨૭.

અને તેઓ પહાડ પરથી ઊતરતા હતા, ત્યારે ઈસુએ તેઓને એવી આજ્ઞા કરી કે, માણસનો દીકરો મૂએલાંમાંથી પાછો ઊઠે ત્યાં સુધી આ જે તમે દીઠું તે કોઈને કહેતા ના. માથ્થી ૧૭:૯, માર્ક ૯:૯; લૂક ૯:૨૨.

અને તેઓ ગાલીલમાં રહેતા હતા ત્યારે ઈસુએ તેઓને કહ્યું કે, માણસનો દીકરો માણસોના હાથમાં સોંપાશે; અને તેઓ તેને મારી નાખશે, ને ત્રીજે દહાડે તે પાછો ઊઠશે. માથ્થી ૧૭:૨૨, ૨૩; માર્ક ૯:૩૦-૩૨; લૂક ૯:૪૩-૪૫.

ઈસુએ બાર શિષ્યોને એકાંતમાં લઈ જઈને તેઓને કહ્યું કે, જુઓ, આપણે યરુશાલેમ જઈએ છીએ, ને માણસનો દીકરો મુખ્ય

યાજકોને તથા શાસ્ત્રીઓને સ્વાધીન કરાશે, ને તેઓ તેના પર મરણદંડ ઠરાવશે અને ઠઠ્ઠા મશ્કરી કરવાને તથા દોરડા મારવાને તથા વધસ્તંભે જડવાને તેઓ તેને વિદેશીઓને સોંપી દેશે; અને ત્રીજે દહાડે પાછો ઉઠાડાશે. માથ્થી ૨૦:૧૭-૧૯; માર્ક ૧૦:૩૨-૩૪; લૂક ૧૮:૩૧-૩૪.

વિરોધીઓએ પ્રભુ ઈસુ પર તહોમત મૂક્યું હતું કે, તેઓ વધસ્તંભ પર મરી ગયા નહોતા. કેમ કે તેમણે પ્રાણાયામ કરીને શ્વાસ રૂંધી રાખ્યો હતો.

આ વાત જૂઠી અને કાલ્પનિક છે. પ્રભુ ઈસુ તો દુનિયાના લોકોનાં પાપના મુક્તિમૂલ્ય તરીકે બલિદાન બનવા આવ્યા હતા. સનાતન ઈશ્વર મરી શકે નહિ તેથી મરવા માટે પ્રભુ ઈસુએ બેથલેહેમમાં માનવદેહ ધારણ કર્યો હતો. યહોવાએ તેમના પર આપણાં સર્વનાં પાપનો બોજ મૂક્યો હતો. યશાયા ૫૩:૬.

પાઉલ પ્રેરિત રોમનોને પત્ર લખતાં એમ લખાવે છે કે, "તું ચોરી કરનાર ચોર બન એમ જ વ્યભિચારીના પાપ માથે લઈને જાણે કે તેં જ વ્યભિચાર કર્યો છે તેવો તું બન. એવી રીતે દુનિયાનાં પાપો તું માથા પર લે અને તે બધાંને માટે બલિદાન તરીકે શિક્ષા ઊઠાવ."

ઈસુએ સભાન અવસ્થામાં આ બલિદાન દેવાનું પોતે નક્કી કર્યું હતું. એટલે વધસ્તંભ પર જ્યારે તેમને પિત્ત ભેરવેલો સરકો આપ્યો ત્યારે તેમણે તે પીવા ના પાડી અને ન લીધો. આ સરકા મારફતે મગજ તંદ્રામાં પડે તેથી પ્રભુ ઈસુ સભાન અવસ્થામાં દુ:ખ ભોગવવા માગતા હતા અને બલિદાન બનવા માગતા હતા. એ જ પ્રમાણે તેમણે વધસ્તંભ પર પ્રાણાયામ કરીને શ્વાસ રુંધી રાખ્યો નહોતો. આ પ્રાણાયામ અને શ્વાસ રુંધવાની વાત તે તો કાદિયાનના ગુલામ મહંમદ નબીએ ઉપજાવી કાઢી છે. એટલે તેઓનું કહેવું છે કે ઈસુ વધસ્તંભ પર મરણ પામ્યા નહોતા અને કબરમાં ઉતાર્યા ત્યારે

તેમનામાં જીવ હતો અને રાત્રે તેમના શિષ્યો આવીને શબ ચોરી ગયા અને દવા સારવાર કરીને તથા ઈસુએ પોતે બનાવેલો મલમ લગાવીને તેઓને સાજા કર્યા. આ બધી કાલ્પનિક કથા ગુલામ મહંમદ નબીએ ગોઠવી કાઢી છે. પરંતુ આપણે જાણીએ છીએ કે ઈસુ ખ્રિસ્ત તો વધસ્તંભ પર મરણ પામ્યા હતા અને પોતાનો આત્મા બાપના હાથમાં સોંપ્યો હતો. અને સરદારે પણ ભાલો મારીને જાહેર કર્યું હતું કે ઈસુ મરી ગયા છે.

ઈસુએ સભાન અવસ્થામાં પોતાનું બલિદાન દેવાનું પોતે નક્કી કર્યું હતું અને જેમ પિત્ત ભેળવેલો સિરકો તેમણે ના પીધો અને પ્રાણાયામ કરીને શ્વાસ રુંધી રાખ્યો નહોતો. પણ ઈસુ પૂરેપૂરા સભાન રહીને બધું દુઃખ વેઠવા માગતા હતા. એટલે જ તેમણે પ્રાણાયામ કર્યો નહોતો.



INTERIOR OF THE GARDEN TOMB.

**યરુશાલેમથી દમસ્ક જવાના રસ્તા પર આવેલી ગાર્ડન ટુમ્બ**

# ૪ ચોકીદારો અને શિષ્યોની તપાસ

કોર્ટના સેક્રેટરી, કોર્ટના સેક્રેટરી દાવિદ : નામદાર જજ માનનીય કાયાફાસ કોર્ટમાં હાજર થઈ ગયા છે. નામદાર જજ સાહેબ કાયાફાસજી : હવે આપણે ખાલી કબરનો ચુકાદો એ કેસ હાથમાં લઈએ. રોમન પાર્ટીના એડવૉકેટ ગમાલીએલ અને ક્રિશ્ચિયન પાર્ટીના એડવૉકેટ શ્રી. થાદ્દીતસ તેમજ પંદર ચોકીદારો અને તેમના સૂબેદાર શ્રી. ક્લૉડિયસ તેઓને હાજર કરો.

જજ સાહેબ : સૂબેદાર ક્લૉડિયસ અને તમારી સોળ ચોકીદારોની ટુકડીએ કબરની રક્ષા બરાબર કરી હતી ? કબરના મોં પર વજનદાર પથ્થર મૂકવામાં આવ્યો હતો અને તેના પર રોમન સરકારની સીલ મારી હતી. પણ કબર તો ખાલી છે. તો તમે ચોકી [illegible] કરી ! તે સંબંધીની વિગત રજૂ કરો.

સૂબેદાર ક્લૉડિયસ : મી. લોર્ડ ! અમે બધા કબરની ચોકી કરી રહ્યા હતા. હવે અઠવાડિયાના પહેલા દિવસે એટલે કે રવિવારે પોહ ફાટવાના સમયે એકાએક ધરતીકંપ થયો. અમે સતેજ બની ગયા. અમે જોયું તો કબર અને કબર પરના પથ્થર વચ્ચેની તિરાડમાંથી અદ્દભુત પ્રકાશનું કિરણ બહાર આવતું હતું અને એ પ્રકાશ મોટો થતો ગયો અને એ પ્રકાશ કબરની બહાર નીકળી ગયો.

અમે ઈસુને યરૂશાલેમના રસ્તા પર એક વખત જોયો હતો અને બહાર નીકળી ગયેલા પ્રકાશનો પાછલો ભાગ ઈસુની પીઠના ભાગ જેવો દેખાતો હતો. એકદમ પ્રકાશ અલોપ થઈ ગયો. એવામાં

ફરી પ્રકાશ એકદમ ઝબક્યો અને બે આકાશી દૂતો નીચે ઊતર્યા. તેમાંના એકે કબરના મોં પરના પથ્થરને ઊંચકીને દૂર હડસેલી દીધો. અમે જોયું તો, કબર તો બિલકુલ ખાલી દેખાતી હતી.

**જજ સાહેબ :** તો સૂબેદાર ક્લૉડિયસ "તમે અને તમારી ટુકડીએ પછી શું કર્યું ?"

**સૂબેદાર ક્લૉડિયસ :** મી. લોર્ડ ! "અમે શહેરમાં ગયા અને યહૂદીઓના આગેવાનોને મળ્યા અને જે બધું બનેલું અમે જોયું તે તેમને જણાવ્યું. તેઓ દંગ થઈ ગયા અને અમને કહ્યું કે, આવું બધું લોકોને કહેતા નહીં. તમારે તો આટલું જ કહેવું કે અમે ઊંઘતા હતા ત્યારે ઈસુના શિષ્યો આવીને શબને ચોરીને લઈ ગયા. તેટલું જ જણાવવાનું મી. લોર્ડ ! અમે ઊંઘતા હતા એમ કહીએ એટલે અમે સરકારના મોટા ગુનેગાર બનીએ છીએ અને અમારા જાન જોખમમાં મૂકાઈ જાય. એટલે અમે આનાકાની કરતા હતા પણ યહૂદીઓના આગેવાનોએ અમને પ્રત્યેકને મોટી રકમ આપી અને અમને તાકીદ કરી કે અમારે માત્ર એટલું જ કહેવું કે ઈસુના શિષ્યો આવીને શબ ચોરી ગયા."

**જજ કાયાફાસ :** યહૂદી પાર્ટીના એડવૉકેટ શ્રી. ગમાલીએલ શું એમ જ બન્યું હતું ?

**એડવૉકેટ ગમાલીએલ :** યસ મી. લોર્ડ ! મેં પાર્ટીના સોળ સભ્યોને પૂછી જોયું છે અને તપાસ કરી છે અને મારી જાણ પ્રમાણે તેઓએ જુબાની આપી તેમ જ બધું બન્યું છે.

**નામદાર જજ સાહેબ :** ક્રિશ્ચિયનોના એડવૉકેટ થાદ્દીતસ તમે તમારા સાક્ષીઓને એટલે કે પ્રભુ ઈસુ ખ્રિસ્તના શક્ય તેટલા શિષ્યોને હાજર કરો.

**એડવૉકેટ થાદ્દીતસ :** મી. લોર્ડ ! રાબ્બી ઈસુના શિષ્યોને

બધાને હાજર કર્યા છે. પિતરને, યોહાનને, થોમાને બધાને હાજર કર્યા છે.

**નામદાર જજ સાહેબ કાયાફાસ :** મી. પિતર, મી. યોહાન તમારી ઉપર તહોમત મૂકવામાં આવ્યું છે કે તમે ઈસુના શિષ્યો રાતે શબને ચોરી લઈ ગયા છો. તો તે આરોપ વિષે તમારે શું કહેવું છે ?

**પિતર :** મી. લોર્ડ ! આ વિધાન તદ્દન જૂઠું છે. અને ઔપચારિકતાભર્યું છે. સૂબેદારે કહ્યું કે અમે ઊંઘી ગયા હતા ત્યારે શિષ્યો આવીને શબ ચોરી ગયા, તો ઊંઘતા માણસોને કેવી રીતે ખબર પડે કે શિષ્યો આવીને શબ ચોરી ગયા. મી. લોર્ડ ! અમે બધા યહૂદીઓની બીક અને ધાકને લીધે બીતાં બીતાં બહાર નીકળતા હતા અને દિવસનો મોટો ભાગ ઉપલી મેડીમાં બારણા બંધ કરીને સંતાતા રહેતા. અને ડરી ગયેલા શિષ્યો આવી શબ-ચોરી કરવાની હિંમત કેવી રીતે કરી શકીએ ! અમારી તો હિંમત ચાલે જ નહીં ! તે ઉપરાંત અમે શુક્રવાર, શનિવારની રાત્રિઓએ યરૂશાલેમમાં હતા જ નહીં. પણ બેથાનીયામાં મરિયમ, મારથા અને લાજરસના ઘરમાં સંતાઈ ગયા હતા.


**એડવૉકેટ થાદ્દીતસ : મી. લોર્ડ ! શિષ્ય પિતરે જે કહ્યું તે તદ્દન સાચું છે. તેઓ બધા યહૂદીઓના ધાકથી બીતા ફરતા હતા. પિતર જેવો શિષ્ય એક દાસીથી ડરી જઈને ઈસુનો નકાર કરે અને બીજા શિષ્યો વધસ્તંભ આગળથી નાસી ગયા હતા. એ બધા શબ ચોરવાની હિંમત કેવી રીતે કરી શકે ?**

**યોહાન :** મી. લોર્ડ ! સોળ-સોળ સિપાઈઓનો કબર પર ચોકી પહેરો હોય અને કબર પર મોટો પથ્થર મૂકેલો હોય અને કબર પર મહોર મારવામાં આવી હોય એટલું જ નહીં પણ પાસ્ખાનો


પૂર્ણ ચંદ્ર પુષ્કળ ચાંદની ફેલાવતો હતો. એવા અજવાળામાં ઓળખાઈ જવાની બીક લાગતી હોય અને પકડાઈ જવાની પણ બીક લાગતી હોય તો શબ ચોરી જવાનો વિચાર પણ અમે કેવી રીતે કરી શકીએ ? આ તદ્દન જૂઠો આરોપ અમારી પર મૂકવામાં આવ્યો છે.

**એડવૉકેટ થાદ્દીતસ :** મી. લોર્ડ ! "યોહાને જે કહ્યું તે તદ્દન સાચી હકીકત છે. ગભરુ શિષ્યો શબ ચોરી કરવાનું સાહસ કરી શકે નહીં. કબરના પથ્થરને ખસેડવા માટે વીસ માણસ ઓછામાં ઓછા જોઈએ એ અમે ક્યાંથી લાવીએ અને સોળ-સોળ ચોકીદારની સામેથી અજવાળામાં શબ ચોરવું એ શિષ્યો પર વેર વાળવા માટે ઉપજાવી નાખેલું તરકટ છે."

સોળ સોળ ચોકીદારો હતા તો તેમને કેવી રીતે ખબર પડી કે શિષ્યો શબ ચોરી ગયા ? પરંતુ હું ભાર દઈને કહું છું કે ઊંઘતા ચોકીદારોની સાક્ષી કેવી રીતે માની શકાય ? કબર ખાલી છે એનો અર્થ એવો નથી થતો કે શિષ્યો શબ ચોરી ગયા. પણ પ્રભુ ઈસુ પોતે કહેતા હતા તેમ તેઓ મૃત્યુંજય બની કબરમાંથી નીકળી ગયા.



પ્રભુ ઈસુને ભાલો માર્યો



પ્રભુ ઈસુને ભાલો માર્યો

# ૫ કબરે ગયેલી સ્ત્રીઓની તપાસ

**જજ સાહેબ કાયાફાસ :** ખાલી કબરના કેસના આરોપનામામાં એમ આપવામાં આવેલું છે કે ઈસુપંથની કેટલીક સ્ત્રીઓ કબરે ગઈ હતી. સેક્રેટરી, તેઓને હાજર કરો. માગ્દાલાની મરિયમ, બીજી એક મરિયમ અને સાલોમી વગેરેને હાજર કરો.

**સેક્રેટરી દાવીદ :** મી. લોર્ડ ! તે બહેનોને હાજર કરવામાં આવી છે.

**જજ સાહેબ :** મરિયમ, આરોપનામામાં જણાવવામાં આવ્યું છે કે તમે કેટલીક બહેનો ઈસુના શબને અર્ચન કરવાને માટે સુગંધી દ્રવ્યો લઈને રવિવારે સવારે કબરે ગઈ હતી. આરોપનામામાં એવું નોંધવામાં આવ્યું છે કે તમે ખોટી કબરે ગઈ હતી. અને મળસ્કાના અંધકારમાં તમે વિહ્વળ બનેલી હોવાને કારણે તથા સ્મૃતિભ્રમને લીધે ખોટી કબરે જઈ ચઢી હતી. સંજોગોવસાત્ તે કબર ખાલી હતી. ત્યાં દૂત બેઠો હતો અને તેણે તમારી ભૂલ થઈ છે તે જાણીને સુધાર્યું. તેણે કહ્યું કે તમે જેને શોધો છો તેને જ્યાં સુવાડવામાં આવ્યો હતો તે કબર તો આ રહી. (માથ્થી ૨૮:૫-૬)

**એડવોકેટ થાદ્દીતસ :** મી. લોર્ડ ! કેસ બગાડી નાખવાને માટે કીરસોપ્પે લેક નામના ખ્રિસ્ત વિરોધી લેખકે પોતાના પુસ્તકમાં આવો ખોટો મત પ્રવર્તાવ્યો છે.

**એડવોકેટ થાદ્દીતસ :** મી. લોર્ડ ! લેખક કીરસોપ્પે આ જૂઠાણું અથવા જૂઠો મત પ્રવર્તાવ્યો છે. પણ સત્ય હકીકત તો બહેનો જ કહી શકશે.

**માગ્દાલાની મરિયમ :** મી. લોર્ડ ! શુક્રવારની સાંજે ઈસુના શબને મલમલની પટ્ટીઓ દ્વારા તેમના હાથો ને પગોમાં બોળ અને અગરુની સુગંધીઓ ભરીને દફનાવવામાં આવેલા તે બધું જ અમે જાતે જોયેલું. અમે બરાબર જોયું હતું કે ખોપરી અથવા કાલવરીની ટેકરીની નજદીક દમસ્ક જવાના રસ્તા પાસે આ કબર આવેલી હતી. તે અમને બરાબર યાદ હતું.

અમે બધાં બહેનો રવિવારે મળસકે એ જ કબરે જઈને ઊભાં રહ્યાં. અમે કબર ભૂલ્યાં નહોતાં. અને પાસે બેઠેલા દૂતે અમને કહ્યું હતું કે, "તમે જેને શોધો છો, તે અહીં નથી. એને જ્યાં સુવાડયો હતો તે કબર આ રહી. ઈસુ અહીં નથી પણ તે ઊઠયા છે અને ગાલીલમાં ગયા છે." (માથ્થી ૨૮:૫, ૬)

**સાલોમી :** મી. લોર્ડ, અમે બધી સહિયરો ઉપલી મેડીમાં જ્યાં શિષ્યો બધા એકઠા થયા હતા ત્યાં અમે બધી સ્ત્રીઓ ગઈ હતી અને ત્યાં રાબ્બી ઈસુ ખ્રિસ્તને જોયા હતા. તેમના બંને હાથો અને પગોમાં અમે ખીલાના વેહ જોયા.

**એડ. થાદીતસ :** મી. લોર્ડ, કેસ ડહોળી નાખવાને માટે અને ખ્રિસ્તીઓની વિરુદ્ધ જાય તે માટે ખ્રિસ્ત વિરોધી લેખક કીરસોપ્પે આવું જૂઠું લખાણ ઊભું કર્યું છે. મી. લોર્ડ, દૂતે તો આ બહેનોને એમ કહ્યું હતું કે, આ જ ખાલી કબરમાં ઈસુને સુવાડયા હતા, પણ તે પુનરુત્થાન પામીને ઊઠયા છે અને હવે ગાલીલમાં ગયા છે.

**જજ સાહેબ કાયાફાસ :** મળસકું હતું ને પૂર્ણ પ્રકાશ થયો ન હતો, તેથી સાલોમી તેમ જ માગદાલાની મરિયમને ઈસુનો આભાસ થયો હતો તો આ આભાસ વિષે તમારે શું કહેવું છે.

**માગદાલાની મરિયમ :** મી. લોર્ડ, અમોને કોઈ આભાસ

દેખાયો નથી પણ સાચે જ અમે અમારા રાબ્બી ઈસુ ખ્રિસ્તને જ ખરેખર જોયા હતા. હું નમી નમીને કબરમાં ડોકીયાં કરતી હતી અને રૂદન કરતી હતી અને જ્યાં ઈસુનું શબ મૂકવામાં આવ્યું હતું ત્યાં મેં બે દૂતને બેઠેલા જોયા. તેઓએ મને પૂછયું, "બાઈ, તું કેમ રડે છે?" મે કહ્યું, "તેઓ મારા પ્રભુને લઈ ગયા છે, અને તેઓએ તેમને ક્યાં મૂક્યા છે તે હું જાણતી નથી માટે હું રડું છું." એવામાં મારી પાછળ ઊભેલી વ્યક્તિએ મને પૂછયું, "બાઇ, તું કેમ રડે છે? તું કોને શોધે છે? તેઓને મેં માળી ધાર્યા અને કહ્યું, "સાહેબ, જો તમે ઈસુને અહીંથી ઊઠાવી લીધા હોય તો તમે તેમને ક્યાં મૂક્યા છે તે મને કહો એટલે હું તેમને લઈ જઇશ." એવામાં તે વ્યક્તિએ કહ્યું "મરિયમ" આ તો ઈસુનો પરિચિત રણકો હતો. મારામાંથી સાત અશુધ્ધ આત્મા કાઢયા, ત્યારે ઈસુએ મને બોલાવી, તે જ રણકો. મેં તરત ઈસુને ઓળખ્યા અને હું બોલી ઊઠી રાબ્બોની! (ગુરૂજી) ઉત્થાન પામેલા ઈસુને ઓળખ્યા, અને મને ખૂબ આનંદ થયો."

•

# ૯ ઈસુના શિષ્યોની તપાસ

**જજ સાહેબ કાયાફાસ :** કેસના લખાણમાં લખવામાં આવ્યું છે કે પિતર અને યોહાન કબરે આવ્યા હતા, તેઓને હાજર કરો.

**પિતર :** મી. લોર્ડ, હું અને મારા સાથીદાર યોહાન અમે ઝડપભેર ચાલતા ઈસુની કબરે આવી પહોંચ્યા હતા. યોહાન પહેલો આવ્યો હતો પણ તે હજી કબરમાં પેઠો નહોતો. પણ હું ઈસુની કબરમાં પેઠો તો હું આભો બની ગયો. ત્યાં ઈસુનું શબ તો નહોતું પણ જે મલમલી પટ્ટામાં તેમના શરીરની આસપાસ બોળ અને અગરુનાં મિશ્રણ ભરવામાં આવ્યાં હતાં. તે મિશ્રણને લઈને તે પટ્ટા અરસપરસ ચોંટી ગયા અને માણસનો આકાર પડયો હોય તેવા તે પડેલા હતા તે પરથી મને લાગ્યું કે જેમ સાપ કાંચળી ઉતારીને એમાંથી નીકળી જાય અને કાંચળી પડી રહે તેમ પ્રભુ ઈસુ પટ્ટાઓમાંથી નીકળી ગયા હતા અને તેમના આકારરૂપે માત્ર વીંટળાયેલા પટ્ટા જ પડયા હતા. અને ચોંટેલા પટ્ટાઓનો મનુષ્ય આકાર દેખાતો હતો અને ઈસુ ખ્રિસ્ત તેમાંથી બહાર નીકળી ગયા હતા. ઊપરાંત માથે બાંધેલો રૂમાલ પણ પટ્ટાઓથી અલગ માથા તરફના ભાગે વાળેલો પડયો હતો આ પરથી મને સંપૂર્ણ ખાતરી થઈ ચૂકી કે અમારા રાબ્બી ઈસુજી પટ્ટાઓમાંથી નીકળી ગયા છે તેમ જ પુનર્જિવિત થયેલા પ્રભુ ઈસુ કબરની બહાર નીકળી ગયા છે અને કબર ખાલી પડી છે.

**યોહાન :** મી. લોર્ડ, હું કબરમાં પેઠો હતો મને મારા સાથીદાર પિતરની જેમ જ મહા ખાતરી થઈ ચૂકી કે અમારા રાબ્બી ઈસુ ખ્રિસ્ત પુનર્જિવિત થઈને પટ્ટાઓની બહાર તેમ જ કબરની બહાર

નીકળી ગયા છે. મલમલી પટ્ટાઓ, બોળ અને અગરૂના મિશ્રણ દ્વારા ચોંટી ગયેલા મનુષ્ય આકારમાં પડી રહ્યા હતા. અને કોશેટામાંથી પતંગિયું નીકળી જાય તેમ પ્રભુ ઈસુ બહાર નીકળી ગયા હતા આથી ઈસુની કબર ખાલી છે અને અમારા ગુરૂજી ઊઠયા છે તેથી હર્ષથી અમે ત્યાં નાચવા તથા કૂદવા લાગ્યા. અમે ઘરે જઈને બીજા શિષ્યો અને લોકોને ખ્રિસ્ત ઊઠયા છે તે વિષે જણાવ્યું. એ દિવસે સાંજે અમે બધા જ ઈસુના શિષ્યો ઉપલી મેડી પર બારણાં બંધ કરીને અને અંદરથી આગળા ચઢાવીને યહૂદીઓના ભયથી સંતાઈને બેઠા હતા.

અને બારણું ખોલ્યા વગર પ્રભુ ઈસુ અમારી મધ્યે આવીને ઊભા રહ્યા અને અમને તેમણે 'શાલોમ' કહીને સલામી આપી. અમે હર્ષથી નાચી ઊઠયા. કેમ કે તેમના કહ્યા પ્રમાણે તેઓ મૃત્યુમાંથી પાછા ઊઠયા હતા અને સજીવન થયા હતા. ઈસુના નામને ધન્ય હો.

**નામદાર જજ સાહેબ :** આરોપનામામાં આગળ એમ લખેલું છે કે એમ્મૌસ જનારા બે જણને ઈસુનાં દર્શન થયાં હતાં. તેઓને હાજર કરો અને તેઓ જુબાની રજૂ કરે.

**કલીઓપાસ :** મી. લોર્ડ, રવિવારની સાંજે હું અને મારો મિત્ર અમે યરુશાલેમથી ગામ એમ્મૌસ જતા હતા. એમ્મૌસ યરુશાલેમથી બેગાઉ એટલે કે અઢી એક માઈલ જેટલું દૂર છે. રસ્તામાં અમે બન્ને જણા ઈસુના પકડાવા તથા મૃત્યુ સંબંધી વાતો કરતા હતા. એવામાં એકાએક ઈસુ જેવી દેખાતી કોઈ વ્યક્તિ માર્ગમાં અમારી સાથે થઈ અને વાતમાં સામેલ થઈ. અમે એમ્મૌસ પહોંચીને ઘરમાં જતા હતા ત્યારે અમે તે અજાણી વ્યક્તિને અમારી સાથે જમવાનું આમંત્રણ આપ્યું. અમે જમવા બેઠા ત્યારે રોટલી

ભાંગતા ઊંચા હાથ કરીને તેમણે ઈશ્વરનો આભાર માન્યો. આ રોટલી ભાંગવાની અને હાથ ઊંચા કરી ઈશ્વરનો આશીર્વાદ માગવાની બિલકુલ પ્રભુ ઈસુની રીત જેવી બરાબર હતી.

વળી તેમના ઊંચા કરેલા બંને હાથોમાં ખીલાના વેહ પણ અમે જોયા. તેથી અમને ખાતરી થઈ કે યરુશાલેમ અમે સાંભળેલી વાત કે ઈસુ ખરેખર મૃત્યુમાંથી ઊઠયા છે તે સાચી લાગી. અમે ખૂબ હરખાયા અને જમવામાં વખત ગાળવા કરતાં તરત જ પાછા ઊઠયા અને બીજા શિષ્યોને ખબર આપવા યરુશાલેમ જવા નીકળ્યા.

**કલીઓપાસ :** અમે યરુશાલેમ જઈ ઉપલી મેડીએ પહોંચ્યા ત્યારે ઉપલી મેડીમાં શિષ્યો ભેગા મળ્યા હતા. અમે પ્રભુ ઈસુ ખ્રિસ્તને સજીવન થયેલા અમારી સગી આંખે જોયા અને તેઓ ખુશ થયા. અમે બધા હરખથી એકબીજાને ભેટયા અને ઈસુના નામની જય પોકારી.

**જજ સાહેબ કાયાફાસ :** આક્ષેપપત્રમાં સંત પાઉલનું નામ પણ લખવામાં આવ્યું છે તેને પ્રભુ ઈસુનાં દર્શન થયાં હતાં. તો હવે સંત પાઉલને જુબાની માટે હાજર કરો.

**જજ સાહેબ કાયાફાસ :** ભાઈ પાઉલ, મારી પાસે આવેલ આક્ષેપનામામાં તમારું નામ રજૂ કરવામાં આવ્યું છે કે તમને પ્રભુ ઈસુ ખ્રિસ્તનું દર્શન થયું હતું. તો તમારી સાક્ષી આપશો.

**સંત પાઉલ :** મારી ઓળખાણ આપતાં હું કહીશ : તો પણ દેહ પર ભરોસો રાખવાનું મારે પણ કારણ છે. ‘જો બીજો કોઈ ધારે કે તેને દેહ પર ભરોસો રાખવાનું (કારણ) છે તો તેના કરતાં મને વિશેષ છે. આઠમે દહાડે સુન્નત પામેલો ઈસ્રાએલના સંતાનનો, બિન્યામીનના કુળનો, હેબ્રીઓનો હેબ્રી, નિયમશાસ્ત્ર સંબંધી ફરોશી. (ધર્મના) આવેશ સંબંધી મંડળીને સતાવનાર

નિયમશાસ્ત્રના ન્યાયપણા સંબંધી નિર્દોષ. પણ જે વાનાં મને લાભકારક હતાં તે મેં ખ્રિસ્તને લીધે હાનીકારક ગણ્યાં. હું તો પહેલાં એવું જ ધારતો હતો કે ઈસુ નાઝારીના નામની વિરુધ્ધ મારે ઘણું કરવું જોઈએ અને મેં યરુશાલેમમાં તેમ કર્યું પણ ખરું. મુખ્ય યાજકો પાસેથી સત્તા મેળવીને સંતોમાંના ઘણાને મેં બંદીખાનામાં નંખાવ્યા, અને તેઓને મારી નાખવામાં આવતા હતા ત્યારે મેં તેઓની વિરુધ્ધમાં મત આપ્યો. મેં સર્વ સભાસ્થાનોમાં ઘણીવાર તેઓને શિક્ષા કરીને તેઓની પાસે દુર્ભાષણ કરાવવાનો પ્રયત્ન કર્યો અને તેઓ પર અત્યંત ક્રોધાયમાન થઈને પર રાજ્યનાં શહેરો સુધી પણ મેં તેઓને સતાવ્યા.

એ જ કામને માટે મુખ્ય યાજકો પાસેથી સત્તા તથા પરવાનો મેળવીને હું દમસ્ક જતો હતો તેવામાં, મધ્યાહ્ને માર્ગમાં સૂરજના તેજ કરતાં પ્રકાશિત એવો આકાશથી આવેલો પ્રકાશ મેં મારી સાથે ચાલનારાઓની આસપાસ જોયો ત્યારે અમે બધા ભોંય પર પડી ગયા, પછી એક વાણી મેં સાંભળી. તેણે હેબ્રી ભાષામાં મને કહ્યું કે શાઉલ, શાઉલ તું મને કેમ સતાવે છે ? આરને લાત મારવી તને કઠણ છે, ત્યારે મેં કહ્યું કે પ્રભુ તું કોણ છે ? પ્રભુએ એટલે કે ઈસુએ મને કહ્યું કે હું ઈસુ છું જેને તું સતાવે છે.

એડવોકેટ ગમાલીએલ : મી. લોર્ડ, મીસ્ટર પાઉલ અમારામાંનો છે. તેણે કહ્યું તેમ તે યહૂદી છે.

એડવોકેટ થાદીતસ : મી. લોર્ડ, તે ખ્રિસ્તી થયેલો અને અમારા પક્ષનો છે અને ઉત્થાન પામેલા પ્રભુ ઈસુ ખ્રિસ્તે દમસ્કના રસ્તા પર તેને દર્શન આપ્યું ત્યારથી તે તેમની સેવા કરી રહ્યો છે અને હું ખાતરીપૂર્વક માનું છું કે ઈસુ મૃત્યુંજય બનીને કબરમાંથી નીકળી આવ્યા છે અને ખાલી કબર તેની સાક્ષી છે.

**એડવોકેટ ગમાલીએલ :** મી. લોર્ડ, ભારતના પાકિસ્તાનની ઉત્તરે કાદીયાન ગામ છે. ત્યાંના રહીશ મીરઝા ગુલામમહંમદ તેમણે એવો જૂઠો મત ફેલાવ્યો હતો કે આવનાર ઈસુ ખ્રિસ્ત હું પોતે છું. તેમણે દાવો કર્યો હતો કે જો ઈસુ ખ્રિસ્ત કુદરતી મરણ પામ્યા હોય તો જ મારો પોતાનો દાવો સાચો ઠરે. આથી તેમણે આવી કાલ્પનિક યોજના ઘડી કાઢી અને ફેલાવી પણ ખરી, ગુલામ મહંમદે ફેલાવ્યું છે કે ઈસુએ વધસ્તંભ પર યોગ બળે શ્વાસ રુંધી રાખ્યો એટલે ઈસુ વધસ્તંભ પર મરી ગયા ન હતા પણ તેમને એવા ને એવા મૂર્છાવસ્થામાં કે યોગાસનમાં મરણ પામ્યા વગરના, વધસ્તંભેથી ઉતારીને કબરમાં મૂકી દેવામાં આવ્યા હતા. જો તેઓ વધસ્તંભ પર મરણ પામ્યા ન હતા અને કબરમાં એમને એમ મૂકી દેવામાં આવ્યા હતા તો કબરમાંથી જીવતા ઊઠવાની વાત ફોક થાય છે.

**એડવોકેટ થાદ્દીતસ :** મી. લોર્ડ, ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પર યોગ બળે પ્રાણ રુંધી રાખ્યો હતો અને તેઓ વધસ્તંભ પર મરી ગયા નહતા એ વાત બિલકુલ જૂઠી છે. ઈસુ ખ્રિસ્ત માણસોનાં પાપોને માટે બલિદાન બનવા આવ્યા હતા તો તે સભાન અવસ્થામાં પૂર્ણપણે તે શિક્ષા ભોગવવા ઈચ્છતા હતા અને પૂર્ણ બલિદાન થવા માગતા હતા.

મી. લોર્ડ, જ્યારે ઈસુને તરસ લાગી હતી એમ તેમણે કહ્યું ત્યારે તેમને પિત ભેળવેલો સરકો આપવામાં આવ્યો હતો. પણ તેમણે પીધો નહતો, કારણ કે સરકો લીધાથી માણસનું દુઃખ ઓછું થઈ જાય અને થોડોક અભાન થઈને દુઃખ પામતો નથી.

પણ ઈસુ વધસ્તંભનું દુઃખ પૂરેપૂરી રીતે ખમવા માગતા હતા તેથી તેમણે સરકો લીધો નહિ. એ જ રીતે પાપીઓ માટે પૂરેપૂરું બલિદાન બને તેથી તે પ્રાણાયામ કે પ્રાણ રુંધી રાખવા જેવું કશું

કરે નહિ. બીજું કે વધસ્તંભ પર તેમને મૂર્છા આવી નહતી અને ઈસુ પૂર્ણ પણે સભાન અવસ્થામાં મરણ પામ્યા તો મૂર્છા કે યોગ બળની વાત એ માત્ર મીરઝાંની કલ્પના જ છે.

મી. લોર્ડ, મીરઝાં પોતાની વાતને આગળ લંબાવતાં કહે છે કે મરણ પામ્યા વગર ઈસુને કબરમાં મૂકવામાં આવ્યા હતા, રાત્રે શિષ્યો આવીને તેમના શબને ચોરી ગયા. કબરનો ભારે પથ્થર ઈસુએ પોતે અંદરથી ધક્કો મારીને ઉઘાડયો હતો.

મી. લોર્ડ, મીરઝાં આગળ ચલાવે છે કે શિષ્યોએ ઈસુએ બનાવેલો મલમ ઈસુને લગાડીને વાપરીને સાજા કર્યા. એ પછી ઈસુ માતા મરિયમને તથા શિષ્ય થોમાને લઈને યરુશાલેમથી કાશ્મીરમાં આવ્યા. કાશ્મીરમાં તેઓ એકસો બાર વર્ષ લગી જીવ્યા, લગ્ન કર્યું. તેમને સંતાનો થયાં. એમાંનાં કેટલાંક આજ સુધી હયાત છે.

મી. લોર્ડ આ વાત ટૂંકાવું છું કે ઈસુ કુદરતી રીતે મરણ પામ્યા અને હાલ કાશ્મીરમાં રોઝાબેલ વિસ્તારમાં ઈસુની કબર આવેલી છે. આ બધી મીરઝાંની જૂઠી અને ઉપજાવી કાઢેલી વાતો છે. ઈસુ કાશ્મીરમાં આવ્યા જ નથી.

**એડવોકેટ થાદ્દીતસ :** મી. લોર્ડ, મીરઝાં ગુલામ મહંમદની વાત માત્ર કાલ્પનિક અને જૂઠી છે. ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ પર સભાન અવસ્થામાં માણસોને માટેનું બલિદાન બની ગયા. તેમણે પ્રાણ રોકી રાખ્યા નહતા કે તેમને મૂર્છા આવી નહતી, વધસ્તંભ પર તેઓ મૃત્યુ પામ્યા અને કબરમાં દાટવામાં આવ્યા. શિષ્યો શબ ચોરી ગયા એ વાત અગાઉ આપણે નકારી કાઢી છે. મેં એના બધા ઝીણવટભર્યા રદિયા આપ્યા છે.

ઈસુએ અંદરથી ધક્કો મારીને ભારે પથ્થર ધકેલી દીધો જે

પથ્થર ખસેડવા માટે વીસ માણસો જોઈએ. એવા પથ્થરને ઈસુ હડસેલી કાઢે એ ગળે ઊતરે એવી વાત નથી.

મરી ગયેલા ઈસુને કબરમાં મૂકવામાં આવ્યા અને આપણે જોઈ ગયા તેમ તેઓ કબરમાંથી મૃત્યુંજય થઈ બહાર આવ્યા અને ખાલી કબર તેની સાક્ષી છે.

મીરઝાં ગુલામની ઉપજાવેલી કાઢેલી વાર્તા હડહડતી જુઠ્ઠી છે.

યહુદીઓના એડવોકેટ ગમાલીએલ : મી. લોર્ડ, આ પ્રસંગે તૂરીનના કફન વિષે ઉલ્લેખ કરવો જરૂરી છે. ઈટાલીના તૂરીનમાં એક કફન સૈકાંથી સાચવી રાખવામાં આવ્યું છે. ઈસુ ખ્રિસ્તને એ કફનમાં કબરમાં સુવડાવ્યા હતા અને કોઈ અજાયબ રીતે ઈસુના શરીરની આખી છબી એ કફનમાં ઊતરેલી બતાવી છે.

એ કફનને અવારનવાર જાહેરમાં ખુલ્લું મૂકવામાં આવે છે અને વિજ્ઞાનીઓ અને જાણકારો તે વિષે અભિપ્રાયો આપે છે.

હમણાં તાજેતરમાં વૈજ્ઞાનિકોએ જાહેર પ્રદર્શન કરાવ્યું હતું અને વૈજ્ઞાનિકોએ એવું જાહેર કર્યું કે કફન ઉપર ઈસુના લોહીના કાળા કાળા ડાઘા છે તે લોહી ઈસુ વધસ્તંભ પર હતા ત્યારનું નીકળેલું લોહી છે. પણ કફન પર પીળાશ પડતા ફિક્કા લોહીના જે ડાઘા છે તે લોહી તો ઈસુ વધસ્તંભ પર હતા ત્યારનું નથી પણ ત્યાર પછી વધસ્તંભ પરથી ઉતારી લીધા પછી કફનમાં વીંટાળ્યા ત્યાર પછી નીકળેલું લોહી છે. મરી ગયેલા માણસને લોહી નીકળે નહિ તે પરથી કહેવા માગે છે કે, ઈસુ વધસ્તંભ પર મરી ગયા ન હતા.

એનો અર્થ એવો થયો કે મરેલા માણસને લોહી નીકળે નહિ એટલે ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ પર મરી ગયા નહોતા કારણ કે પાછળથી લોહી નીકળ્યું એટલે કે ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ પર મરી

ગયા નહોતા. ફિફ્થ ગોસ્પલના લેખકે એ લખ્યું.

**એડ. થાદીતસ :** મી. લોર્ડ, તૂરીનનું કફન એ ઈસુ ખ્રિસ્તનું જ કફન છે એમ આપણે માની શકતા નથી. (યોહાન ૧૯:૪૦)માં આપવામાં આવ્યું છે કે યહૂદીઓની દાટવાની રીત પ્રમાણે તેઓએ ઈસુનું મુડદું લઈને તેને સુગંધી દ્રવ્યો લગાડીને શણના લૂગડામાં લપેટયું. તેમને કોઈ કફનમાં વીંટાળ્યા નહોતા. નીકોદેમસ સો શેરનું બોળ અને અગરનું મિશ્રણ લાવ્યો હતો તે મલમલની પટીઓ દ્વારા ઈસુના હાથોએ ને પગોએ બાંધવામાં આવ્યા હતા. અને પટીઓમાંથી આખું શરીર પણ બાંધ્યું હતું. અને આપણે જોયું તેમ ખાલી કબરમાં યોહાન ને પિતરે એ મલમલી વીંટાઓ પડેલા જોયા હતા. ઈસુ પર ચાદર ઓઢાડવામાં આવી નહોતી. તૂરીનનું કફન એ ઈસુ ખ્રિસ્તનું કફન છે જ નહિ. ઈસુ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યાર પછી ઈસુને મલમલી વીંટાઓ લગાડીને કબરમાં સૂવાડયા હતા અને અઠવાડિયાના પહેલા દિવસે તેઓ કબરમાંથી બહાર નીકળી આવ્યા હતા અને ખાલી કબર તેની નિશાની છે.

**કોર્ટની મારફતે :** આપણે ઈસુના બધા જ શિષ્યોની તપાસ કરી, બધા જ શિષ્યોના ઘેર બેથાનિયામાં, સર્વત્ર તપાસ કરી તો કોઈ જગાએથી ઈસુનું સંતાડેલું શબ મળ્યું નથી. આમ, ઈસુનું શબ કોઈ સ્થળે સંતાડેલું નથી અને કબર પણ ખાલી છે, અને ઉપરની સાક્ષીઓ પરથી માલૂમ પડયું છે કે, ઈસુ કબરમાંથી ખરેખર મૃત્યુંજય બનીને ઊઠી ગયા છે અને કબર ખાલી છે. મલમલી વીંટાઓ માટે ગ્રીક ભાષામાં સિન્દોન શબ્દ વાપરવામાં આવ્યો છે. તેનો અર્થ એ થાય છે કે, હિન્દ કે ભારતમાંથી આવેલું મલમલ.

●

# ૭ યોસેફ અને નીકોદેમસની જુબાની

**જજ સાહેબ :** આરિમથાઈના યોસેફ અને નીકોદેમસને હાજર કરો. તેમની જુબાની લેવાની રહેશે. આરિમથાઈના યોસેફ, શું આ કબર તમારા પોતાની હતી ? તમે ઈસુને તેમાં શા માટે સુવાડયા?


**આરિમથાઈનો યોસેફ :** મી. લોર્ડ, યહૂદીઓમાંના ઘણા બધા લોકો પોતાને માટે અગાઉથી કબર તૈયાર રાખતા હતા તેવી જ રીતે મેં આ મારી કબર અગાઉથી પથ્થરમાં ખોદી કઢાવી હતી. અને ઈસુ ખ્રિસ્ત મારા હતા અને હું તેમનો છૂપો શિષ્ય હતો. કાલવરીની ટેકરી પાસે દમસ્કના રસ્તા આગળ આ કબર આવેલી હતી. આગળ સાબ્બાથ હોવાને લીધે સમય ઓછો હતો અને કબર પાસે જ હતી એટલે પિલાતની પાસેથી પરવાનગી મેળવ્યા પછી તરત જ અમે ઈસુને સુગંધીઓ લગાડયા પછી અમે તેમના શબને મારી કબરમાં મૂક્યું હતું.

**જજ સાહેબ :** ઈસુના શરીરને તમે કેવી રીતે સુગંધીઓ ભરી હતી.

**યોસેફ :** ઈસુના શબને અમે વધસ્તંભ પરથી ઉતારીને યહૂદીઓની રીત પ્રમાણે તૈયાર કરી મલમલી વીંટાઓમાં વીંટાળ્યું હતું. એ પછી મી. લોર્ડ, મારા મિત્ર નીકોદેમસે સો રતલ જેટલું બોળ અગરનું મિશ્રણ આણ્યું હતું તે લઈને મેં તથા મારા મિત્ર નીકોદોમસે ઈસુના હાથો અને પગોએ એ મલમલી પટ્ટાઓ બોળ અને સુગંધી દ્રવ્યો લગાડીને વીંટયા હતા. હાથો અને પગોને એ મલમલી પટ્ટીઓ વીંટી હતી. માથા પર મલમલનો રૂમાલ બાંધ્યો

એ પછી અમે ઈસુના શબને પેલી મારી કબરમાં સુવાડયું હતું.

**માગદાલાની મરિયમ :** મી. લોર્ડ, આ સુગંધી દ્રવ્ય ઈસુના શબને લગાડવામાં આવ્યું તે બધી ક્રિયા અમે બધી બહેનોએ નજરો નજર જોઈ હતી અને તેમને કબરમાં સુવાડયા તે પણ અમે નજરો નજર જોયું હતું.



જજ ચુકાદો વાંચે છે

## ૮

## ખાલી કબર સંબંધી નામદાર જજનો ચુકાદો નીચે પ્રમાણે છે

**જજ ચુકાદો વાંચે છે.**

આપણે કોર્ટમાં સાક્ષીઓ તરીકે કબરની ચોકી કરનારા, પંદર સિપાઈઓએ અને તેમના સૂબેદારે સાક્ષી આપી કે,

અમે કબરને જાપ્તો રાખીને બેઠા હતા, અને ઊંઘતા હતા એવામાં જ જોરથી ધરતીકંપ થયો અને અમે જાગીને જોયું તો કબર અને પથ્થર વચ્ચેની ફાટમાંથી અજબ પ્રકાશનું કિરણ બહાર આવતું હતું અને એ કિરણ વધારે ઝબકારવાળું બની આખો જ પ્રકાશ બહાર નીકળી ગયો અને તે પ્રકાશ આઘો નીકળી ગયો, ત્યારે અમે તેનો પાછલો ભાગ જોયો અને યરુશાલેમમાં જોયેલી ઈસુની પીઠ જેવો જ તે ભાગ હતો અને થોડી વાર પછી ફરી ધરતીકંપ થયો, અને પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો અને બે આકાશી દૂતો ઊતરી આવ્યા. તેમાંના એકે કબરનો વજનદાર પથ્થર ઊંચકીને આઘો ફેંકી દીધો અને તે ત્યાં જઈને બેઠો અને બીજો દૂત ઓશીકે બેઠો.

ચોકીદારોને મેં પૂછ્યું કે, તે પછી તમે શું કર્યું ? તેઓએ જવાબ આપ્યો કે, અમે શહેરમાં વહેલા વહેલા ગયા અને યહૂદીઓના આગેવાનોને મળીને બનેલી અને જોયેલી બધી જ બીના તેઓને કહી સંભળાવી. આ યહૂદી આગેવાનોએ અમને શીખવ્યું કે, તમારે આ પ્રમાણે કહેવું કે, અમે રાતે ઊંઘતા હતા ત્યારે તેના શિષ્યો આવીને ઈસુનું શબ ચોરી ગયા. અને એમ કહીએ તો અમારા જાન જોખમમાં આવે, તેથી આગેવાનોએ અમને કહ્યું કે, અમે તમારા જાન બચાવી લઈશું.'' તેઓએ અમને

છારવવા માટે બધાંને નાણાં પણ આપ્યાં.

આ પરથી સ્પષ્ટ દેખાય છે કે, ઈસુ જાતે ઊઠયા અને કબરની બહાર નીકળી ગયા અને કબર ખાલી પડી. આ વાતને ટેકો આપતી વાતો પણ બીજા બધા સાક્ષીઓએ કરી. ખોટી કબરે બહેનો ગઈ હતી, તે પણ જૂઠી કાલ્પનિક વાતો છે. અને કેટલીક બહેનોને આભાસ દેખાયો એવો દોષ મૂકવામાં આવ્યો, તે પણ ખોટો ઠર્યો.

વળી પિતર તથા યોહાને કબરમાં જોયું ત્યારે મલમલી વીંટાઓ સુગંધી દ્રવ્યોથી ચોંટી ગયેલા, કબરમાં મનુષ્યના આકારમાં પડેલા જોયા અને માથાનો રૂમાલ પણ એક તરફ વીંટેલો પડયો હતો. તેઓએ કહ્યું કે, સાપ કાંચળીમાંથી નીકળી જાય તેની જેમ મલમલી વીંટાઓ મનુષ્ય આકારમાં પડયા હતા અને ઈસુ તેમાંથી નીકળીને કબરની બહાર નીકળી ગયા હતા.

એમ્મૌસ જનારાઓને તેમનાં દર્શન થયાં, રોટલી ભાંગતાં તેમણે ઈસુના વેહ જોઈને અને તેમની પ્રાર્થના કરવાની રીત જોઈને ઈસુને ઓળખ્યા હતા. તેઓ પાછા યરુશાલેમ આવ્યા, ત્યારે ઉપલી મેડીમાં તેમણે અને બધા શિષ્યોએ ફરી ઈસુને જોયા. પછીના દિવસે થોમા શિષ્ય પણ ઉપલી મેડીમાં શિષ્યો સાથે હતો, ત્યારે ઈસુના વેહોમાં આંગળી મૂકીને ઈસુને ઓળખ્યા કે પુનરુત્થાન પામેલા ઈસુ તે જ છે.

તે અગાઉ માગ્દાલાની મરિયમ, અને તેની સાથેની સ્ત્રીઓની સાક્ષી પણ આવી ગઈ. તેમણે ઈસુને જોયા હતા. મરિયમે તો ઈસુના પગ પકડયા હતા, અને ઈસુએ તેને 'મરિયમ' કહીને બોલાવી ત્યારે તેણે અવાજ પરથી તેમને ઓળખ્યા કે તે ઈસુ ગુરુ જ છે. તે પછીથી થોડા શિષ્યોને સમુદ્ર કિનારે ઈસુએ દર્શન દીધું તેથી તેમને ખાતરી થઈ કે, તે પુનરુત્થાન પામેલા ઈસુ જ છે.

વળી છેલ્લે પાઉલની સાક્ષી છે કે દમસ્કના રસ્તા પર તેમને પુનરુત્થાન પામેલા ઈસુનું દર્શન થયું અને તેમણે તેની સાથે વાત પણ કરી.

આ બધા જ પુરાવા દ્વારા આપણે જાણી શકીએ છીએ કે, પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાની ભાખેલી અગમવાણીઓ જેમ કબરમાંથી ઊઠી ગયા અને બહાર નીકળી ગયા, અને કબર ખાલી પડી.

વળી શિષ્યોએ શબ ચોર્યું છે કે વિરોધીઓએ શબ ચોર્યું છે, એ આપણે જોઈ ગયા કે આરોપો બિન પાયાદાર છે. તેઓ શબ ચોરી શકે એવી કોઈ શક્યતા જ નહોતી. પિતર જેવો શિષ્ય દાસીથી ડરી જઈને ઈસુનો નકાર કર્યો અને યહૂદીઓના ભયથી તેઓ ડરતા ફરતા હતા. વળી કબરનો જાપ્તો રાખવા ૧૬ ચોકીદારો હતા અને પાસ્ખાપર્વના પૂર્ણ ચંદ્રની ચાંદની પૂર્ણ અજવાળું પાથરી રહી હતી. અને કબર પરનો મોટો વજનદાર પથ્થર હટાવવા માટે ઓછામાં ઓછા વીસ જેટલા માણસો જોઈએ અને શબ ચોરવું એ બહુ ચૂપકીદીથી કરવું પડે. એટલે શિષ્યો માટે અને વિરોધીઓ માટે શબ ચોરવાની વાત અશક્ય બની જતી હતી અને શિષ્યો તો શનિવારની રાતે બેથાનીયામાં સંતાઈ રહ્યા હતા. તેથી શિષ્યોએ શબ ચોર્યું નથી.

આ બધા મુદ્દાઓ પરથી સ્પષ્ટ સાબિત થાય છે કે, ઈસુ ખ્રિસ્ત મૃત્યુંજય બનીને કબરમાંથી બહાર નીકળી આવ્યા છે, તેથી કબર ખાલી છે, આ મારો ચુકાદો છે.

ગમાલીએલ : મી. લોર્ડ મારે મારા સાથી વકીલ થાદીતસને આટલું પૂછવું છે, જગતના ઈતિહાસમાં આપણે કદીયે કોઈ માણસને મરણ પામેલો અને પાછો સજીવન થઈને ઊઠેલો કદી સાંભળ્યો નથી તો ઈસુ ખ્રિસ્ત મૃત્યુ પામ્યા અને કબરમાં દટાયા

અને કબરમાંથી જીવતા થઈને બહાર નીકળી આવ્યા એ કેમ માની શકાય.

**થાદીતસ :** મી. લોર્ડ મારા સાથી એડવોકેટ ગમાલીએલને મારે જવાબ આપવાનો કે, "જો આપણે ઈસુ ખ્રિસ્તના સમયમાં જીવતા હોત તો તેમણે નાઈન નગરની વિધવાના એકના એક દીકરાનું મરણ થયું હતું. અને ઠાઠડી ગામને દરવાજે આવી હતી અને ઈસુ ત્યાં થઈને જતા હતા. ઈસુએ ઠાઠડી ઊંચકનારાને થોભી જવા અને ઠાઠડી નીચે ઊતારવા કહ્યું અને ઈસુએ મૃત યુવાનનો હાથ પકડીને તેને કહ્યું કે ઊઠ, અને જુવાન બેઠો થયો. ઈસુએ વિધવાને કહ્યું કે બાઈ, લે તારો દીકરો, મા તો હર્ષનાં આંસુ પાડવા લાગી અને ઈસુને ચરણે પડીને આભાર માનવા લાગી, વળી ઈસુએ યાઐરસની દીકરી મરણ પામેલી હતી તેને ઘેર જઈને તેનો હાથ પકડીને ઊઠાડી ને જીવતી કરી અને ઈસુએ માબાપને કહ્યું કે તેને ખોરાક આપો."

આ ઉપરાંત ઈસુના જમાનામાં આપણે જીવતા હોત તો તેમણે બેથાનીયાના મરિયમ, માર્થાના એકના એક ભાઈ લાજરસને ચાર દિવસથી મરેલો અને કબરમાં મૂકેલો હતો તેને ઈસુએ જીવતો કર્યો હતો. તે આપણે સાંભળ્યું હોત.

ઈસુ તો તે કુટુંબના મિત્ર હતા અને લાજરસ માંદો થયો તેની ખબર તેમને મળી હતી પણ તે જઈ શક્યા નહિ. ઈસુ બેથાનીયા ગયા ત્યારે તો લાજરસને મરી ગયે ચાર દિવસ થઈ ગયા હતા. ઈસુ કબરે જઈ રહ્યા હતા ત્યારે બહેન મરિયમે કહ્યું કે, ગુરુજી તેને મરી ગયાને ચાર દિવસ થઈ ગયા છે અને કબરમાં તે કદાચ ગંધાતો હશે. પણ ઈસુ તો કબરે ગયા અને કબર આગળ જઈને ઈસુએ બૂમ પાડી કે "લાજરસ બહાર આવ" અને મલમલી પટાઓમાં

વીંટાળેલો લાજરસ બહાર આવ્યો. ઈસુએ કહ્યું કે તેનાં બંધન છોડી નાખો. લાજરસ જીવતો થઈને બહાર આવીને પ્રભુ ઈસુના પગોમાં પડયો અને આભાર માનવા લાગ્યો અને આંસુ સારતાં બહેનોને ભેટયો. આ આપણે ઈસુના સમયમાં (ઈસુનો જન્મ ઈ.સ. પૂ. ૪ અને મૃત્યુ ઈ.સ. ૨૮) જીવતા હોત તો આ બધા સજીવન થયેલાંની વાતો વિષે આપણે સાંભળ્યું હોત.

આપણે ઈસુના સમયમાં જીવતાં હતાં મેં તો નાઈનની વિધવાના દીકરા અને લાજરસના મૃત્યુમાંથી સજીવન થયા વિષે સાંભળ્યું અને હું તો સત્ય હકીકતની તપાસ કરવા માટે યરુશાલેમથી બેથાનીઆ આવ્યો હતો અને બધી વાતો સાંભળીને બહુ અજાયબ થયો હતો. હું લાજરસને મળીને ભેટયો પણ હતો.

**જજ સાહેબ :** આ મેં પણ વાત સાંભળી હતી અને હું પણ જાત તપાસ કરવાને માટે યરૂશાલેમથી બેથાનીઆ ગયો હતો અને થોડા દિવસ પછી થયેલા જમણમાં આમંત્રણ મળવાથી હું પણ હાજર હતો અને જમણમાં પ્રભુ ઈસુને તથા લાજરસને તેમ જ બીજા કેટલાક યહૂદી સગાંવહાલાંઓને બેઠોલા જોયા હતા.

**ગમાલીએલ :** મી. લોર્ડ, મેં પણ લાજરસની વાત વિષે સાંભળ્યું હતું. હું બહુ નવાઈ પામ્યો હતો.

**થાદ્દીતસ :** મી. લોર્ડ, પ્રભુ ઈસુનો જન્મ ઈ.સ. પૂર્વે ચારમાં થયો હતો અને તેમના તેત્રીસ વર્ષના જીવનના પાછલા સમયમાં આ લાજરસનો બનાવ બન્યો હતો.

**થાદ્દીતસ :** ઈસુ તો ઈશ્વર હતા અને જીવનના સ્વામી હતા. ઉત્પત્તિ કાળે માટીમાંથી આદમનું પૂતળું બનાવી તેમાં જીવનનો શ્વાસ ફૂંકનાર અને આદમને સજીવન બનાવનાર ઈસુ ખ્રિસ્ત જ હતા. (સરખાવો યોહાન ૧:૧ થી ૩) ઈસુએ પોતે જ કહ્યું હતું

કે, "હું રસ્તો, સત્ય તથા જીવન છું." યોહાન ૧૪:૬

મી. લોર્ડ, જે જીવનનો સ્વામી અને જીવનો બક્ષનાર છે તેને મૃત્યુ પોતાના કબજામાં કેવી રીતે રાખી શકે. એ તો ઈશ્વર હતા. એટલે જ તેઓ મૃત્યુંજય બનીને કબરની બહાર નીકળી આવ્યા એટલે જ કબર ખાલી છે.

યોહાન ૧૪ : ૬ કલમમાં આપણે વાંચીએ છીએ વળી ઈસુ ખ્રિસ્ત તેને કહે છે "હું સત્ય, રસ્તો તથા જીવન આમ તે જીવનનો આપનાર પ્રભુ હતો."

ઈશ્વર વિષેની વાતો ચર્ચા વિચારણા તથા તર્ક બુધ્ધિથી સમજાવી શકાતી નથી. તો મારો ચુકાદો છે કે ઈસુ ખ્રિસ્ત ઈશ્વર હતા અને તે મૃત્યુમાંથી બહાર નીકળી આવ્યા હોઈ શકે તેથી તેમની કબર ખાલી છે.

મી. લોર્ડ, જે જીવનનો સ્વામી અને જીવનનો બક્ષનાર છે તેને મૃત્યુ પોતાના કબજામાં કેવી રીતે રાખી શકે, એ ઈશ્વર હતા. એટલે જ તેઓ મૃત્યુંજય બનીને કબરની બહાર નીકળી આવ્યા એટલે જ કબર ખાલી છે.

**થાદ્દીતસ :** મી. લોર્ડ, શિષ્યો તેમાંયે પિતર જેવો આગેવાન એક દાસી અને ચાકરથી બી ગયો હતો. યહૂદીઓથી બીતા ફરતા હતા એવા શિષ્યો ઓચિંતા એકદમ બહાદુર અને નિર્ભય બની જાય કે યહૂદીઓના આગેવાનોની આગળ છડેચોક જઈને તેઓને કહેતા હતા કે, આ ઈસુને તમે મારી નાખ્યો: તો આવા શિષ્યો હિંમતવાન બની જાય એની પાછળ તો કોઈ મોટો બનાવ બની ગયો હોવો જોઈએ.

અને એમ જ વળી આજ સુધી શનિવારને સાબ્બાથવાર વિશ્રામવાર તરીકે પાળવામાં આવતો હતો. પણ હવે કેટલાક

સમયથી કોઈ કમિટી કે કોન્ફરન્સમાં ચર્ચા કે ઠરાવ કર્યા વિના અઠવાડિયાનો પહેલો દિવસ એટલે રવિવાર પ્રભુવાર બની જાય અને રવિવાર વિશ્રામવાર તરીકે પાળવામાં આવે, તો એની પાછળ પણ મોટું પરિવર્તન લાવનાર જબરજસ્ત બનાવ બની ગયો હોવો જોઈએ.

મારું માનવું છે કે, મોટો અને પરિવર્તન લાવનાર બનાવ તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત મૃત્યુંજય બનીને પુનરુત્થાન પામ્યા અને એમની કબર ખાલી આજ સુધી છે, એ જ આ પરિણામ લાવનાર મોટો બનાવ કહેવાય. કબર ખાલી છે તે બતાવે છે કે ઈસુ પુનરુત્થાન પામીને ઊઠયા છે. આ બધું સાંભળીને ચુકાદો આપ્યો તેમ તે ખરો છે કે ઈસુ ખ્રિસ્ત મૃત્યુંજય બનીને કબરમાંથી બહાર નીકળી આવ્યા, અને કબર ખાલી છે.

# ૯ મૃત્યુંજય પ્રભુ ઈસુની સુવાર્તાથી આકર્ષાયેલાં કેટલાંક પાત્રો

કબરમાંથી બહાર નીકળી આવેલા પ્રભુ ઈસુની સુવાર્તા સાંભળીને ઘણાં માણસો આકર્ષાયાં હતાં. અને પ્રભુ ઈસુ ખ્રિસ્તને જીવન સમર્પિત કર્યું એ બધાં ખાલી કબરનાં સાક્ષીઓ બનીને ખાલી કબરનો ચુકાદો આપી રહ્યા છે.

## ▣ ૧. ચંદ્રલીલા :

આજથી અઢીસો વર્ષ અગાઉ નેપાળના રાજગોરને ત્યાં ચંદ્રલીલા નામની એક દીકરીનો જન્મ થયો. આ રાજગોર મોટો જમીનદાર અને માલેતુજાર હતો. ચંદ્રલીલા યુવાન વયે ખ્રિસ્તની સુવાર્તા સાંભળીને ખ્રિસ્તને અર્પાઇ ચૂકી. તેણે ભારતનાં તીર્થધામોમાં ફરી ફરીને અને દેશ વિદેશના ધામોમાં ફરીને પુનરુત્થાનના પ્રભુના પરાક્રમી પ્રેમનો પ્રચાર કર્યો, પ્રભુને ખાતર તે એક વેરાગણ અને સાચી સેવિકા બની રહી. પાછળથી તેણે રક્તપિત્તિયાંની સેવા કરી હતી.

## ▣ ૨. પંજાબના સાધુસુંદરસીંગ :

પંજાબના એક અતિ ધનિક શીખ કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. તેમની માતા શીખ ધર્મમાં બહુ ચુસ્ત હતી.

હાઈસ્કૂલ દરમિયાન નવો કરાર તેઓને શીખવો પડતો હતો. શીખ ધર્મની કઠણતાને લીધે તેમણે તે ફાડી નાખ્યો હતો. તેઓ સત્ય પ્રભુના શોધક બન્યા અને ઘણાં ધર્મ પુસ્તકો તેમણે વાંચી કાઢયાં હતાં પણ તેમને શાંતિ મળી નહિ.

એક રાતે તેમણે ઈશ્વરને પ્રાર્થના કરી કે સાચા ઈશ્વર તમે

તમારી ઓળખ મને આપો નહિ તો સવાર થતાં સુધીમાં હું મારા જીવનનો અંત લાવીશ. તે જ રાતે પ્રભુ ઈસુ ખ્રિસ્તે તેમને દર્શન દીધું અને કહ્યું કે મારે ખાતર તારે ઘણું સહેવું પડશે પણ તું વિશ્વાસુ રહેજે. ત્યારથી તેમણે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો અને ખ્રિસ્તી બન્યા. કુટુંબ તરફથી તેમની ઘણી સતાવણી થઈ અને ઘણાં આકર્ષણો પણ થયાં.

એક વખતે તેમના દાદાએ કુટુંબનું બધું જ હીરા માણેક, ઝવેરાત અને રત્નો એક થાળમાં સુંદરસીંગની આગળ ધર્યાં અને કહ્યું કે "બેટા, સુંદરસીંગ તું ખ્રિસ્તનો નકાર કરી શીખ ધર્મમાં રહેશે તો આ બધું જ તારું થશે, તેમણે કહ્યું કે, મારું સર્વ ધનદોલત ઈસુ ખ્રિસ્ત જ છે. હું તેમને વળગી રહીશ."

કુટુંબ છોડીને એ ચાલી નીકળ્યા ત્યારે તેમની માતાએ ઘણો શોક કર્યો હતો. કુટુંબે તેમને લાડવાનું ભાથું બાંધી આપ્યું હતું તેમાં ઝેર ભેળવેલું હતું. પણ તેમાંથી ઈશ્વરે તેમને અને તેમના મિત્રને બચાવી લીધા.

આ સાધુ સુંદરસીંગે દેશમાં તેમ જ તિબેટમાં ઠંડીમાં ખૂબ તસ્દી વેઠીને ફરી ફરીને ખ્રિસ્તની સુવાર્તા પ્રગટ કરી અને કેટલાંયને ખ્રિસ્તની પાસે આણ્યાં.

એક વખતે તેમને એક ખાબોચિયામાં નાખવામાં આવ્યા, ટોપલો ભરીને જળો તેમની ઉપર નાખવામાં આવી. જેથી તેઓ તેમનું લોહી ચૂસી લે ને તેઓ મરી જાય.

બીજી એક વખતે એક હવડ જેલખાનામાં નાખવામાં આવ્યા. મારી નાખવા માટે અગાઉ ઘણા માણસોને તેમાં નાખવામાં આવ્યા હતા. સાધુ સુંદરસીંગ બંદીખાનામાં જ્યાં હાથ નાખે ત્યાં ત્યાં મનુષ્ય માંસના લોચા હાથમાં આવતા હતા. તેમને ઈશ્વરે આ

બંદીખાનામાંથી પણ છુટકારો પમાડયો. આવી અનેક વખત તેમને મારી નાખવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. પણ દર વખતે તેમાંથી બહાર નીકળીને અને એમ સુવાર્તા પ્રચારમાં તેમણે જીવનનો ભોગ આપ્યો.

### ▣ ૩. બ્રધર બખ્તસીંગ છાબડા :

તેઓ પંજાબના શીખ હતા તેમણે એન્જિનિયરીંગના અભ્યાસમાં અમેરિકાથી ડીગ્રી મેળવી હતી. ખ્રિસ્તના પ્રેમ સંબંધી સાંભળીને તેમણે પોતાની સોંપણી ખ્રિસ્તને કરી. ધન કમાવાનું છોડી દઈને તેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત મારફતે મળતી માફીની સુવાર્તા દેશ અને દુનિયામાં ફેલાવતા થયા અને લોકોમાં બાઈબલ પ્રેમ જગવતા રહ્યા.

ગુજરાતમાં પણ કેટલા બધા લોકોને ઘરમાં પોતાનું બાઈબલ રાખીને વાંચતા કર્યા. ગુજરાતમાં બાઈબલ પ્રત્યે પ્રેમ જગાવનાર તેઓ હતા. સુવાર્તાનો પ્રચાર કરવામાં જ તેમણે પોતાની જિંદગી ખપાવી દીધી. ખાલી કબરના તેઓ પ્રચારક હતા. તેમનું સમગ્ર જીવન ખાલી કબરનો ચુકાદો બની રહ્યું.

### ▣ ૪. રોમનો આગાપી નામનો શહીદ :

આ જુવાન રોમન આગાપીએ જુવાન વયે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો તેને સરકાર તરફથી ઘણું સતાવવામાં આવ્યો અને ખ્રિસ્તને છોડવાની ફરજ પાડવામાં આવી. પણ તે વધારે ચુસ્ત બનતાં તેને ચૂલા પર તેલ ભરેલી કઢાઈ બતાવવામાં આવી અને તેને કહેવામાં આવ્યું. જો તે ખ્રિસ્તનો નકાર નહિ કરે તો તેને જીવતો ને જીવતો તેલમાં નાખી દેવામાં આવશે. પણ તે અડગ રહ્યો. આથી લાકડાં સળગાવવામાં આવ્યાં અને તેલ કકડવા લાગ્યું અને તેને જીવતો ને જીવતો તેમાં નાખી દેવામાં આવ્યો. આમ તે પણ મૃત્યુંજય

ખ્રિસ્તની ખાલી કબરના સાક્ષી બની રહ્યા અને પોતાના જીવન દ્વારા ખાલી કબરનો ચુકાદો બની રહ્યા.

## ▣ ૫-૬ પર્પેચ્યુઆ અને ફેલેશ્યાની શહાદત રક્ત સાક્ષીઓ બની ગઈ

આ બંને એકવીસ બાવીસ વર્ષની જુવાન રોમન સ્ત્રીઓ હતી. એમણે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો.

તેમને સરકાર તરફથી ખ્રિસ્તને તજવા માટે ઘણાં મનામણાં કરવામાં આવ્યાં હતાં. અને ઘણી સતાવણી કરવામાં આવી હતી. ફેલેશ્યાના જુવાન ચાહકે આવીને તેને જેલમાં કહ્યું કે, "તારા વગર હું જીવી શકીશ નહિ," માટે તારો વિચાર બદલ પણ તેણે ખ્રિસ્તને વફાદાર રહેવાનું પસંદ કર્યું. પર્પેચ્યુઆ પણ જેલમાં હતી. તેનો બુઢ્ઢો બાપ તેના ધાવણા બાળકને લઈને જેલમાં આવ્યા ને કહ્યું તેને ધવડાવ અને એ બાળકની ખાતર તું પાછી વળ અને ખ્રિસ્તનો નકાર કર. મારી પાઘડી પણ હું તારા પગોમાં ઊતારું છું. ને આ બુઢ્ઢા બાપના પ્રેમને યાદ રાખી તેમના પ્રેમને ખાતર પણ તેણે ના પાડી દીધી અને તે ખ્રિસ્તને ચુસ્ત રીતે વળગી રહી. તેણે કહ્યું કે ક્રૂસ પર મારે માટે મારી પાપ મુક્તિ માટે પોતાનું બલિદાન આપ્યું તેમનો નકાર હું કઈ રીતે કરી શકું.

આ બંને જુવાન સ્ત્રીઓને માતેલા સાંઢો છૂટા મૂકેલા મેદાનમાં તેમને રાખવામાં આવી. સાંઢોએ તેમને શીંગડાથી ઉછાળી ઉછાળીને તેમનાં જુવાન શરીરો શીંગડાથી કોચી નાખ્યાં. ફરી તેઓને પૂછવામાં આવતાં તેઓએ ખ્રિસ્તનો નકાર કર્યો નહિ.

આથી તેઓને શહેરના રસ્તાઓમાં થઈને એવી નગ્ન હાલતમાં અને લોહી નીકળતા શરીરે શહેર બહાર લઈ જવામાં આવી ત્યાં તલવારથી તેમના કટકા કરી નાખવામાં આવ્યા. આમ

તેઓ ખ્રિસ્તના પ્રેમના અને ખાલી કબરના સાક્ષી અને ચુકાદો બની રહી.

## ૭. શ્રી. મણિશંકર રત્નજી ભટ (કાન્ત) :

ગુજરાતના એક નામાંકિત કવિ બની રહ્યા તેમણે ખ્રિસ્તના પ્રેમનાં ઘણાં કાવ્યો લખ્યાં છે.

તારક ! ધારક ! વિશ્વ શૈયાના !
સ્વામી ઓ મારા !
પાવન તારું નામ કરજો !
સુસ્થિત તારું રાજ્ય કરાજો !
ઈચ્છા તારી સકળ કરાજો !
સ્વામી ઓ મારા !

કદાચ 'ઉડાઉ દીકરા'ની વાતમાંના પિતાનું વાત્સલ્ય જોઈને તેમણે 'અનંત વાત્સલ્ય' લખ્યું;

આપ જ આવા તો જોયા, પિતા પ્રભુ !
મેં તો માનેલું કે ખોયા, પિતા-પ્રભુ !
આપ જ આવા જોયા !
દુર્બલ, દીન, નિરાશ, વળેલો
દૂરથી દેખી શું રોયા ? પિતા પ્રભુ !
આપ જ આવા જોયા !
પંકનિમગ્ન હતા ચરણો તે !
પોતે દયાથી ધોયા, પિતા પ્રભુ !
આપ જ આવા જોયા !

ખ્રિસ્તને ઈ.સ. ૧૮૯૮માં સોંપાયા પછી તેમણે જનોઈ ઉતારી નાખેલી અને ૧૯૦૦માં જાહેરમાં તેમણે પ્રભુભોજનમાં ભાગ લીધો એ પછી તેમણે 'પવિત્રભોજન' (અંજલિ ગીત) રચ્યું.

ભૂખે ના ભાખર જે ભાવ્યો :
તરસે ના આવાસ જે ફાવ્યો :
છોડી તે સેવક સ્વામીનો
શબ્દ સુણી આવ્યો !

## ▣ ૮. લાઠીના દરબાર કલાપી :

ભટ કવિના આચાર વિચારની ભારે અસર તેમના કવિ મિત્ર કલાપી ઉપર પડી હતી. કવિ કલાપીનાં કેટલાંયે કાવ્યોમાં આની અસરો સ્પષ્ટ દેખાય છે.

પસ્તાવો છે વિપુલ ઝરણું, સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને, પુણ્યશાળી બને છે,
અને
ખોવાયેલાંને બોલાવો :
સ્વામીનો સંદેશો કહાવો :
પગ ધોવાને પાણી લાવો
ખોવાયાં માટે.

## ▣ ૯. કવિ શ્રી. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા :

વળી, કલાપી મારફતે એ અસરો કવિશ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા ઉપર પડી હતી, જેમ કે કવિ શ્રી દિવેટિયાનો યુવાન પુત્ર મૃત્યુ પામ્યો ત્યારે કવિએ 'સ્મરણમુકુર'માં લખ્યું કે,

"મૃત્યુ મરી ગયું રે લોલ"

એ આખા જ કાવ્યની ઈશ્વરવિદ્યા ખ્રિસ્તી ઈશ્વરવિદ્યાના સિધ્ધાંતોથી ભરપૂર છે. એમાં સંત પાઉલના શબ્દો :

"જે છેલ્લો શત્રુ નાશ પામશે તે મરણ છે," તેમ જ ત્યારે 'મરણ જયમાં ગરક થઈ ગયું છે' એ લખેલી વાત પૂર્ણ થશે, અરે મરણ, તારો જય ક્યાં ? અરે મરણ, તારો ડંખ ક્યાં ?

(૧ કોરિંથી ૧૫:૨૬; ૫૪,૫૫) પુનરુક્ત થાય છે. વળી,

મંગલ મંદિર ખોલો, દયામય, મંગલ મંદિર ખોલો.
દ્વારે ઊભો શિશુ ભોળો, દયામય, મંગળ મંદિર ખોલો,

એમાં હિન્દુ સિદ્ધાંત જન્મ-મરણના લખચોર્યાસી ફેરાની ઈશ્વરવિદ્યાને ફેંકી દઈને ખ્રિસ્તનો માણસ સીધો સ્વર્ગે જાય છે. એ વિચાર કેન્દ્રસ્થાને છે, એમ કાન્તની ખ્રિસ્તી વિચારધારા ઘણા બધાને અસર કરી ગઈ છે.

કવિ કાન્તના ખ્રિસ્તી થયા પછીના જીવનમાં કાવ્યનું ઝરણું કાં તો લુપ્ત થયું છે કે સુકાઈ ગયું, કે પછી શું થયું એ ખબર ના પડી.

(મારા પુસ્તક આપણાં મધુરાં ગીતોના અધૂરા ઈતિહાસમાંથી આભાર સહિત ઉતારો, પૃષ્ઠ ૨૧૫ થી ૨૨૫.)

### ▣ ૧૦. શ્રી. નારાયણ વામન તિલક :

મહારાષ્ટ્રના શ્રી. નારાયણ વામન તિલક તેઓ કવિ હતા અને એમણે પોતાનું જીવન પ્રભુ ઈસુ ખ્રિસ્તને અર્પણ કર્યું પછી તેમણે પ્રભુ ઈસુ ખ્રિસ્તનું જીવનચરિત્ર મરાઠી ભાષામાં લખ્યું તેમ જ ઘણાં સુંદર કાવ્યો લખ્યાં છે.

### ▣ ૧૧. મી. ડી.પી. પટેલ :

તેઓ આફ્રિકામાં હતા અને પ્રભુનાં વચનો તરફ ખ્રિસ્ત તરફ આકર્ષણને લીધે ખ્રિસ્તને પોતાનું જીવન સુકાન સોંપ્યું. આજે તેઓ મુંબઈમાં રહીને ખ્રિસ્તી સાહિત્યની બહુ મોટી સેવા કરી રહ્યા છે.

### ▣ ૧૨. રેવ. હોર્મસજી પેસ્તનજી અને રેવ. ધનજીભાઈ નવરોજજી :

મુંબઈની પારસી કોમના કેટલાક નબીરા.

પારસી કોમમાંથી ખ્રિસ્તી થયેલા રેવ. હોર્મસજી પેસ્તનજી અને રેવ. ધનજીભાઈ નવરોજજી વગેરે યુવાનોએ બાઈબલ સોસાયટીમાં રહીને બાઈબલનાં ગુજરાતી ભાષામાં તરજુમો કરવામાં અજાયબ જેવી સેવા આપી છે. તેમણે યાકોબના પત્રમાં પારસી બોલીમાં તરજુમો કર્યો છે, એ (હલકા માણસ) તું ક્યારે સમજશે કે અમલ વિના ઈમાન મુડદું છું.

### ▣ ૧૩. અમદાવાદ ખાનપુરનાં શ્રીમતી ફેનીબહેન અંકલેશ્વરીઆ :

બહુ વિશ્વાસુ રહીને ખ્રિસ્તની સાક્ષી આપી છે.

### ▣ ૧૪. ડો હબીબ યુસફજી અને નાઝીરઅલી યુસફજી :

બંને ભાઈઓ હતા. વ્હોરા કોમમાંથી થયેલા ખ્રિસ્તી હતા. ડૉ. યુસફજીએ તો અમેરિકામાં ઈશ્વરવિદ્યામાં ડૉક્ટરેટ મેળવી હતી, જબલપુરની લેનર્ડ કોલેજમાં તેઓ મારા પ્રોફેસર હતા અને નાઝીરઅલી સહ વિદ્યાર્થી હતા. યુસફજી બાઈબલના ઊંડા અભ્યાસી હતા અને બગલથેલો સુવાર્તાથી ભરીને બહાર નીકળી પડતા અને બજારમાં તે જબલપુરની ખંજગેરેજ ફેક્ટરીમાં ખ્રિસ્તી સાહિત્ય વિતરણ કરતા અને લોકોને ખ્રિસ્તની પાસે લાવતા.

### ▣ ૧૫. બિશપ જોન એ. સુભાન :

ઉત્તર ભારતના મુસ્લિમ સૂફી કુટુંબમાંથી બાઈબલ વાંચીને તેમણે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો. પાછળથી તેઓ મેથોડીસ્ટ મંડળીના બિશપ બન્યા હતા. (એક સૂફીને પ્રભુ કેવી રીતે મળ્યા) એવી સાક્ષીની ટ્રાક્ટ બહાર પાડી હતી. તેમનું બાઈબલનું બીજાંઓને અપાતું બાઈબલ શિક્ષણ બહુ ઊંડું અને તલસ્પર્શી હતું. તેમના સંદેશા પણ ખૂબ વેધક હતા.

## ▣ ૧૬. શ્રી ગીરધરલાલ શેઠ ભગત :

ગુજરાતની ભરવાડ કોમમાંથી પ્રભુને સોંપાઈ ગયેલા શ્રી ગીરધારલાલ શેઠ ભગતે, ગુજરાતની મંડળીઓની સેવામાં બહુ મોટો ફાળો આપ્યો છે. આજે પણ તેમનું કુટુંબ રાયખડમાં રહે છે.

## ▣ ૧૭. પંડિતા રમાબાઈ :

પંડિતા રમાબાઈના પિતા ચુસ્ત બ્રાહ્મણ હતા અને બધા



પંડિતા રમાબાઈ




**પંડિતા રમાબાઈ આશ્રમનાં બાળકો**

વિધિઓ ચુસ્ત રીતે પાળતાં હતાં. તે માનતાં હતાં કે, શુદ્ર અને સ્ત્રીઓને ધર્મનું શિક્ષણ નહિ આપવું જોઈએ અને ખાસ કરીને પવિત્ર સંસ્કૃત ભાષા તેઓને નહિ શીખવવી જોઈએ. પણ તેમના પિતાએ તો પોતાની પત્નીને ખૂબ શિક્ષણ આપ્યું અને સંસ્કૃત પણ શીખવ્યું અને દીકરી રમાબહેનને માતાએ બધા પ્રકારનું શિક્ષણ આપ્યું, અને સંસ્કૃતમાં પારંગત કર્યાં.

તેઓ કલાક બે કલાક સુધી સંસ્કૃતમાં ભાષણ આપતાં તેથી તેમને પંડિતાનું બિરુદ આપવામાં આવ્યું. પાછળથી તેમણે પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો અને પ્રથમ મુંબઈમાં અને ત્યાર પછી પૂના પાસે કેડગાંવમાં ત્યક્તાઓ, વિધવાઓ, અંધબાળાઓ માટે હૉસ્ટેલો બાંધી. આજ સુધીમાં હજારો સ્ત્રીઓને ત્યાં આશ્રય મળ્યો છે, અને પ્રભુ ઈસુ ખ્રિસ્તનું શિક્ષણ મળ્યું છે. એ સંસ્થામાં આવનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યા વિના રહી શકે જ નહિ.

સરકારે તેમના માનમાં ટપાલ ટિકિટ બહાર પાડી તેમનું સન્માન કર્યું હતું. ભારતની કોઈ વ્યક્તિએ આ કેડગાંવના મુક્તિમિશનનું કાર્ય ન જોયું હોય, તે ઉદ્ધારનું કાર્ય કેવું હોય તે વિષે અજાણ રહે છે. મૃત્યુંજય ખ્રિસ્તના પરાક્રમની એ મોટી સાક્ષી બની રહી છે. પરદેશોમાં પણ જઈને તેમણે પ્રભુ ઈસુના પ્રેમની સાક્ષી આપી છે.

## ▣ ૧૮. હયાટી ટાપુના માણસખાઉ આદિવાસીઓનું બદલાણ

માણસ ખાઉં સમાજના લોકોનું અજાયબ બદલાણ.

પેસેફીક મહાસાગરથી દૂર હયાટી ટાપુમાં માણસખાઉ આદિવાસીઓ રહેતા હતા. તેઓ માણસને જીવતા અને જીવતા ખાઈ જતા હતા. તેમનાં ઘરો આગળ ખોપરીઓના હાર લટકાવેલા હતા. જે હારમાં વધારે ખોપરીઓ હોય તે મોટો આગેવાન ગણાતો. કોઈ અમેરિકન મિશનેરીએ મૃત્યુંજય પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તા ત્યાં તેઓને આપી. આ પરાક્રમી સુવાર્તા દ્વારા તે આદિવાસીઓના જીવનમાં ધરમૂળથી બદલાણ થયું. તેઓ માણસખાઉ બદલાઈને માણસ પ્રેમી બન્યા. તેઓના હૃદયમાં ખ્રિસ્તનો પ્રેમ ભરેલો હતો. તેઓ બીજા આદિવાસીઓને પરાક્રમી સુવાર્તા આપતા હતા.

માણસખાઉ આદિવાસીઓની કેટલીક દીકરીઓ હોસ્ટેલમાં

રહીને અંગ્રેજી અભ્યાસ કરતી હતી. છોકરીઓના હૃદયમાં પણ ખ્રિસ્તના પ્રેમે અજાયબ બદલાણ કર્યું હતું.

એક વખતે એક અમેરિકન મિશનેરી તેઓની મુલાકાત લઈને પોતાના દેશ સ્ટીમરમાં બેસી પાછા ફરતા હતા. ત્યારે આ કોમની કેટલીક છોકરીઓ બંદરના પ્લેટફોર્મ પાછળ શ્વેત વસ્ત્રો પરિધાન કરીને હારબંધ ઊભી રહીને તેમણે એમની કોમના બદલાણ વિષે અને પોતાના હૃદયમાં થયેલા બદલાણ વિષેનું નીચેનું ગીત ગાયું ત્યારે સાંભળનારના મોંમાંથી શબ્દો સરી પડયા હતા કે ("અજાયબ અજાયબ").

## જે દિનથી ખ્રિસ્ત આવ્યો

૧.

બદલાણ જિંદગીમાં કેવું અજબ થયું !
જે દિનથી ખ્રિસ્ત, રહેવા આવ્યો :
બહુ વારથી શોધતો 'તો આવ્યું તે અજવાળું
જે દિનથી ખ્રિસ્ત રહેવા આવ્યો.

ટેક : જે દિનથી ખ્રિસ્ત ઈસુ આવ્યો,
મુજ મનમાં નિત રહેવા આવ્યો,
આનંદ બહુ મન મારે રેલ જેવો વહેતો છે,
જે દિનથી ખ્રિસ્ત રહેવા આવ્યો.

૨.

ભટકવું બંધ થયું, મેળાપ છે પ્રભુ સાથ,
જે દિનથી ખ્રિસ્ત રહેવા આવ્યો;
અગણિત પાપ મારાં માફ થયાં ધન્યવાત,
જે દિનથી ખ્રિસ્ત રહેવા આવ્યો.

૩.

હવે મોત કેરી ખીણ મારે થઈ પ્રકાશરૂપ
જે દિનથી ખ્રિસ્ત રહેવા આવ્યો
સ્વર્ગની ભાગળ દેખાય જ્યાં રહે છે ધન્યભૂપ,
જે દિનથી ખ્રિસ્ત રહેવા આવ્યો.

૪.

ત્યાં રહેવા જઈશ હું વિશ્વાસથી જાણું છું
જે દિનથી ખ્રિસ્ત રહેવા આવ્યો,
આનંદ કરતાં ચાલું, સાથે રોજ છે પ્રભુ
જે દિનથી ખ્રિસ્ત રહેવા આવ્યો.

*(ભજનસંગ્રહ ગીત નંબર ૩૭૦)*

## □ ૧૮. અલીન્દ્રા પાસેના સલુણ ગામનો બનાવ

આશરે ઈ.સ. ૧૯૩૪-૩૫નો સમય હશે હું નવો જ સેમિનારીમાંથી શીખીને નડિયાદમાં આવ્યો હતો. સલુણ ગામમાં બેસતા ચોમાસે દૂધ ધારાવાનો અવસર ચાલતો હતો. એમાં દરેક કોમે કાંઈનું કાંઈક આપવું પડે. હરિજન અથવા ખ્રિસ્તી કોમે સુતરનો ફાળકો કે તેટલી રકમ આપવી પડે. ગામમાં રહેતાં બે કુટુંબોએ કંઈ પણ આપવાની ના પાડી. તેઓએ કહ્યું કે આ મૂર્તિનો તહેવાર છે અને અમે ખ્રિસ્તીઓ હોઈને અમે કોઈ જાતનો ભાગ આપવા માગતા નથી, લેવા માગતા નથી. તેમાંના એકનું નામ પોલ ડાહ્યાભાઈ હતું. અને બીજા હતા તે પંચ્યાસી-છયાસી વર્ષના વડીલ હતા તેમનું નામ મોતીલાલભાઈ હતું અને તે શાળ રાખીને વણાટકામ કરતા હતા. જ્યારે જ્યારે હું તેમની મુલાકાતે જતો ત્યારે ત્યારે શાળમાંથી બહાર નીકળતા અને નાચતાં નાચતાં ગાતા હતા કે :

જેણે મારા પ્રભુનો પ્રેમ રસ પીધો.
જેણે પીધો તેને લાગે મીઠો.
એ રસ મીઠો જેણે મારા પ્રભુનો
પ્રેમ રસ પીધો.

આ બંને કુટુંબોએ મૂર્તિપૂજાના તહેવારમાં કંઈ ભાગ લેવાની ના પાડી તેથી ગામના મૂખીએ રાવણીઆ મારફતે સાદ પડાવીને તે બંને કુટુંબોને ગામ બહાર મૂક્યા, કોઈ તેમનાં ખેતરોમાં કામે જતા નહિ અને તેમની સાથે કશો વહેવાર રાખતા નહિ. ખેતરમાં પાક નકામો જતો હતો. કારણ કે કોઈ તેમને મદદ કરવા જતું નહિ. બહારગામથી મજૂરો લાવવામાં આવ્યા પણ ગામ લોકોએ તેમને હાંકી કાઢયા. તેઓને તો ભારે નુકસાન થયું પણ તેઓ ખ્રિસ્તને વફાદારીથી વળગી રહ્યા. આમ ગામ લોકોની કનડગત ખૂબ વધી ગઈ.

ડીસ્ટ્રિક્ટ સુપ્રિન્ટેન્ડેન્ટે મને સલુણ મોકલ્યો અને કહ્યું કે તમે મૂખીને અને ગામ લોકોને સમજાવી આ તેમનું ગામ બહાર મૂકવાનું છૂટું કરાવી દો. પણ હું તો બહુ નાનો હતો. માત્ર વીસ વર્ષનો હતો અને ગામના મૂખીને અને ગામના લોકોને સમજાવવાનું મારું શું ગજું !

તોય હું ચાલતો ચાલતો સલુણ ગામ ગયો. આખે રસ્તે હું રડતો રડતો ચાલ્યો હતો અને પ્રભુની પ્રાર્થના કરતો હતો કે પ્રભુ પોતાનું સામર્થ્ય બતાવે અને અમને સહાય કરે. મેં બીજા ઘણાને પ્રાર્થના કરવા કહ્યું હતું. તે રાતે મેં મૂખીને સમજાવ્યા પણ તેમણે બિલકુલ ના પાડી. મેં અલીન્દ્રાના મારા ડૉક્ટર મિત્રને સહાય કરવા વિનંતી કરી અને તેમણે સલુણના ડૉક્ટરને પણ મદદ કરવા સૂચવ્યું. અમારી પ્રાર્થનાઓ ચાલુ હતી.

ફરી હું પ્રાર્થના કરીને મૂખી પાસે ગયો અને મૂખીએ રાવણિયા મારફતે સાદ પડાવીને પેલાં બે ખ્રિસ્તી કુટુંબોની ગામબંધી છૂટી કરી. રાતે હું આનંદભર્યો ચાલતો ચાલતો નડિયાદ પાછો આવ્યો. બીજી સવારે વહેલો ઊઠીને હું સાઈકલ પર સલુણ ગયો અને પેલાં બે ખ્રિસ્તી કુટુંબોને દિલાસો આપ્યો અને તેઓની સાથે પ્રાર્થના કરી, ઈશ્વરનો આભાર માન્યો.

વડીલ મોતીભાઈને ત્યાં હું ગયો ત્યારે તેઓ સાદ સાંભળીને બહાર આવ્યા ને નાચતા નાચતા ગાવા લાગ્યા કે,

જેણે મારો પ્રભુનો પ્રેમ રસ પીધો
જણે પીધો તેને લાગ્યો મીઠો
એ રસ મીઠો એ રસ મીઠો
જેણે મારા પ્રભુનો પ્રેમરસ પીધો

પરાક્રમી પુનરૂત્થાન પામેલા ઈસુનો અમે આભાર માન્યો. આ તો ખાલી કબરના પરાક્રમી પરચાનો અનુભવ હતો.

અમેરિકા અને ઈગ્લેન્ડમાંથી ગુલામોના વેપારની પ્રવૃત્તિને કાયદા દ્વારા ઈસુના આત્મા દ્વારા અબ્રાહમ લિંકને અને વિલ્યમ વિલ્બર ફોર્સે બંધ કરાવી. ભારતમાંની સતીપ્રથા લોર્ડ વિલ્યમ બેન્ટિક અને ખ્રિસ્તના આત્માથી સ્પર્શાયેલા રાજા રામમોહનરાયે બંધ કરાવી.

દુનિયાભરમાં - ભારત સુદ્ધાં અનેકાનેકને પાપ મુક્તિ મળી છે અને તેઓ ખાલી કબરનાં સાક્ષીઓ બની રહ્યાં છે.

પ્રિય વાચક મિત્ર, તમે પાપ-મુક્તિ પામ્યાં છો ?

•

**૧૦** **પુસ્તકના લેખક રેવ. જયાનંદ આઈ. ચૌહાન નીચેની વિગત રજૂ કરે છે.**

## ઈસુએ લાજરસને સજીવન કર્યો તે વિષે

હું અમેરિકામાં જર્નાલીઝમના અભ્યાસ અર્થે ગયો હતો અને પછી ગ્રીક, હિબ્રૂ ભાષાનો અને પુરાતત્વ વિદ્યાનો અભ્યાસ શરૂ કર્યો હતો,

ગેરેટ બીબ્લીકલ ઈન્સ્ટીટયુટમાં હું પુરાતત્વ વિદ્યાનો અભ્યાસ કરતો હતો ત્યારે મારા વીઝીર્ટીંગ પ્રોફેસર ઓલ બ્રાઈટ હતા. તેઓ વિશ્વના એક નંબરના પુરાતત્વ વિદ્યાના નિષ્ણાત હતા. મારે તેમની સાથે ઘણો નીકટનો ગાઢ સંબંધ થયો.

દુનિયાનાં જુદાં જુદાં સ્થળમાં બીબ્લીકલ પુરાત્તત્વ વિદ્યાના ખોદકામ ચાલતાં હતાં ત્યાં બધે જઈને જોવા માટે તેમણે મને એ સ્થળોની મુલાકાત માટે ભલામણ પત્રો આપ્યાં હતાં અને ખર્ચને પહોંચી વળવા માટે સારાં નાણાં આપ્યાં હતાં.

હું ઈ.સ. ૧૯૫૪માં ન્યુયોર્કથી ક્વીન મેરી સ્ટીમરમાં નીકળીને મુસાફરી કરીને આખરે ઈજિપ્તના કેરોમાં આવ્યો અને યરુશાલેમ આવ્યો. ઈ.સ. ૧૯૫૪ની સાલ હતી અને એપ્રિલમાં બે કષ્ટમય અઠવાડિયાં ચાલતાં હતાં એક પ્રોટેસ્ટંટ ચર્ચનું અને બીજું ઈસ્ટર્ન ઓર્થોડક્સ મંડળીનું. એ પંદરેક દિવસ યરુશાલેમમાં રહીને મેં પર્વની ઉજવણી જોઈ અને તેમાં ભાગ લીધો હતો. ઈ.સ. ૧૯૫૪ની ઈસ્ટરે તા. ૧૮મીએ મેં વહેલી સવારે ચાર વાગે પ્રભુ ઈસુ ખ્રિસ્તની દમસ્ક રોડ પર આવેલી આ કબર આગળ મેં પ્રભુભોજન પાળ્યું. દેશે દેશથી આવેલા અમો લગભગ અઢીસો

પ્રભુભોજન પાળનારા હતા. ખાલી કબરના ચુકાદા વિષે જે વાત છે તે આ જ કબર. પછીના બુધવારે હું બેથાનીઆ જવા નીકળ્યો. જૈતુનના પહાડ પર આવેલા બેથફાગે ગામમાંથી બે ઓળખાણવાળા વિદ્યાર્થીઓને મારી સાથે લીધા. એક અરામી ને હિબ્રૂભાષાનો જાણકાર હતો અને બીજો ગ્રીક ભાષાનો અને અંગ્રેજી જાણનારો હતો. તેઓને મેં આઈસ્ક્રીમ ખવડાવ્યો અને પછી અમે ત્રણે જણ જૈતુન પહાડ પરથી પશ્ચિમં ઢોળાવ તરફ ઊતરતા રસ્તે ચાલવા લાગ્યા. એ જ રસ્તો બેથાનીઆ ગામ તરફ જતો હતો. તે ગામ યરુશાલેમથી આશરે બે અઢી માઈલ હશે.

આખરે અમે બેથાનીઆ આવી પહોંચ્યા. લોકોને પૂછવાથી તરત ખબર પડી કે ગામની આગળ જ ડાબે હાથે લાજરસની કબર આવેલી હતી. હું તેમાં ઊતરવા જતો હતો. ત્યાં કબર આગળ એક ભિખારી ઊભો હતો તે પૈસા માગતો હતો. મેં તેને કહ્યું કે, "મરી ગયો લાજરસ અને તેને જીવતો કર્યો પ્રભુ ઈસુએ અને પૈસા તું શાના માગે !" તે હસ્યો મેં તેને આઠ પિયાસ્તર આપ્યા. પછી હું કબરમાં ઊતર્યો, લગભગ પંદરથી વીસ ફૂટ ઊંડી કબર હતી. પગથિયા વાટે નીચે ઊતર્યો ત્યારે મરેલા લાજરસને જે મલમલ પટ્ટીઓ બાંધી હતી તેના ધાગા પડેલા જોયા. મેં તે ઉપાડી લીધા. પણ આવા પુરાવા મારે ઉપાડવા નહિ જોઈએ તેથી મેં તે પાછા નાખી દીધા. પછી હું બહાર નીકળી ગયો અને અમે ત્રણે મિત્રો ગામમાં ગયા. સામે જ અમને ગામના મૂખી મળ્યા, તેઓ બેથાનીઆ ગામના મૂખી હતા. તેમણે કહ્યું તમે આ ગામમાં આવ્યા એટલે અમારા મહેમાન છો. ચાલો ઘરે કોફી પીવા. તેમના ઘરે અમે ગયા અને થોડો નાસ્તો કર્યો. મૂખીને કહ્યું કે હું ખાસ કામે આવેલો છું. અમારા બાઈબલમાં ચાર દિવસના મરેલા લાજરસને પ્રભુ ઈસુએ સજીવન કર્યા એ સંબંધી પૂછપરછ કરવા હું આવ્યો

છું, તેમણે કહ્યું કે એ વાતની ચર્ચા અહીં અને આસપાસના ગામોમાં લાંબો સમય ચાલી હતી. મેં તેમને કહ્યું કે રોમન સરકાર જન્મ મરણના કાયદા, નોંધણી વગેરેમાં બહુ જ ચોક્કસ હતા. બાઈબલમાં હું વાંચું છું કે રોમન બાદશાહ ઓગસ્તસે પ્રજા ઉપર એવો હુકમ મોકલ્યો હતો કે પ્રત્યેક જણ પોતપોતાના જન્મ ગામમાં પોતાની નોંધણી કરવા જાય, અને ઈસુનાં મા મરિયમ અને તેમના પાલક પિતા યોસેફ દાઉદના વંશના વંશજો હતા, તેથી તેઓ બેથલેહેમ ગામમાં નોંધણી કરાવવા આવ્યાં હતાં.

આમ રોમન સરકાર જન્મ, મરણની નોંધણી બાબતે બહુ ચોક્કસ હતા. તો મહેરબાની કરીને તમારા ગામના (બેથાનીઆના) જન્મ મરણના ચોપડા મને બતાવવા કૃપા કરશો. તેઓ અમને ત્યાંથી થોડે દૂર આવેલા ઘરે લઈ ગયા ત્યાં તેમણે તાળું ખોલી બારણું ઉઘાડયું અને કેટલાંક દફતરો બહાર અજવાળામાં લાવ્યા. મેં તેમને ઈસુના માનવ હયાતીમાં છેલ્લા સમયની સાલ જણાવી. એ ચોપડામાં તેઓ તપાસ કરવા લાગ્યા. મેં કહ્યું કે તેનું નામ તમે જાણો છો, તેમ લાઝારો કે લાજરસ હતું. તેમણે એક પાનું ઊઘાડયું. તેમણે કહ્યું કે અહીં અરામી ભાષામાં લાઝ શબ્દો લખેલા છે. મારી સાથે આવેલો અરામી ભાષા જાણનાર મિત્ર તે વાંચતો હતો. મને પોતાને તે લખાણમાં કંઈ સમજ પડતી નહોતી. ઈસુના સમયમાં ગ્રીક ભાષા, અરામી ભાષા, અને હિબ્રૂ ભાષા ચાલતી હતી. ઈસુના સમયમાં કોર્ટો કચેરીઓ ને જાહેરમાં ગ્રીકભાષા, અરામીભાષા અને હિબ્રૂભાષા ચાલતી હતી. મેં પૂછયું. લાઝારની આગળ શું લખેલું છે. મૂખીએ કહ્યું કે એ નામ આગળ મરી ગયો લખેલું છે. અને નામ શાહીથી બે વખત ઘૂંટેલું છે : બીજા કોઠામાં લખેલું છે કે, “જીવે છે.”

હું આ લખાણનો ફોટો લેવાનો હતો પણ અજાણ્યા દેશોમાં

અને તેમાંયે આરબ દેશોમાં ફોટા લેવા વગેરે ગુનાહીત કામ બન્યું ગણાય.

મેં કદાચ ફોટો લીધો હોત તો પણ ગુનાહીત બનત અને એ ફોટાવાળો રોલ મારા હાથમાં રહેત નહિ કારણ કે હું લબાનોન ગયો અને ત્યાંના પહાડો પર ફરતો હતો અને જુદા જુદા સમયોના શિલાલેખોના ફોટા લેતો હતો. એવામાં એક જંગલનું રક્ષણ કરનાર લીબાની પોલીસ દોડી આવ્યો અને તે લાલપીળો થઈ ગયો અને તેણે પોતાની બંદૂક મારી છાતી પર મૂકી દીધી. તેણે મારો કેમેરા અને ઝોળીમાં વપરાયેલ ફીલ્મો લઈ લીધી.

પછી મેં મારા અમેરિકાના પ્રોફેસર મિત્ર ઓલ બ્રાઈટ પર પત્ર લખ્યો અને આ બધી વિગતો જણાવી તેમને મેં કાગળ લખ્યો હતો. થોડા સમય પર જ તેઓશ્રી મૃત્યુ પામ્યા.

•

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | માર્કનો સંદેશો | ૫૦-૦૦ |
| ૨. | અયૂબ | ૬૦-૦૦ |
| ૩. | ટેકરીઓનો સાદ | ૧૨૫-૦૦ |
| ૪. | જૂનો કરાર, તેની રચના તથા સંદેશો | ૧૫-૦૦ |
| ૫. | પ્રાર્થના પરાયણ - જોન હાઈડ | ૩૦-૦૦ |
| ૬. | પરિવર્તન પામેલાં પાત્રો | ૧૫-૦૦ |
| ૭. | ક્ષિતિજને પેલે પારથી | ૨૦-૦૦ |
| ૮. | પ્રેષિતોનાં કૃત્યો | ૮૦-૦૦ |
| ૯. | ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ સેટ | ૧૫-૦૦ |
| ૧૦. | ધી રોબ | ૩૫-૦૦ |
| ૧૧. | પ્રબોધકો અને તેનાં કાર્યો | ૨૦-૦૦ |
| ૧૨. | અનોખી ઈઝરાયલ પ્રજા | ૧૨૫-૦૦ |
| ૧૩. | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૧૪. | યશાયા | ૧૨૫-૦૦ |
| ૧૫. | યાત્રાકારી | ૨૦-૦૦ |
| ૧૬. | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૧૭. | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૧૮. | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯. | કલશોર | ૨૦-૦૦ |
| ૨૦. | પિતરનો પહેલો પત્ર | ૧૨૫-૦૦ |
| ૨૧. | ફિલિપીઓના પત્રનાં સંદેશો | ૪૦-૦૦ |
| ૨૨. | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૨૩. | ટૈટસ | ૩૫-૦૦ |
| ૨૪. | દાઉદના ભક્તના પસંદિત... મનન | ૪૦-૦૦ |
| ૨૫. | બાઈબલ અભ્યાસ ભાગ-૧૨ | ૨૦-૦૦ |
| ૨૬. | જી.ટી.બી.એસ. ઈતિહાસ | ૩૦-૦૦ |
| ૨૭. | દૈનીક મનન | ૬૦-૦૦ |
| ૨૮. | તમારા પ્રશ્નોના ઉત્તર | ૨૦-૦૦ |

## લેખકનાં પુસ્તકો

- બોલતાં આંકડા (અનુવાદ)
- શબ ગુફાનો શહિદ (અનુવાદ)
- વધસ્તંભની વાટે (પાંચ આવૃત્તિ) છઠ્ઠી બ્રેઈલમાં
- ગુજરાતી બાઈબલનો ઈતિહાસ
- બાઈબલ કોણે લખ્યું - ડ્રામા
- ખ્રિસ્તી શિષ્યપણું - કઠણ માર્ગે (અનુવાદ)
- ચોથા માગીની કથા (અંગ્રેજીને આધારે)
- અજાયબ ભવિષ્યવચનો (મુક્તિ યોજનાનાં સાત પર્વ)
- ઈસુ જીવનદર્શન - સચિત્ર (બાળકો માટે)
- અનોખી ઈઝરાયલ પ્રજા (ચાર આવૃત્તિ)
 (હિન્દી અને અંગ્રેજીમાં પણ થશે.)
- બાઈબલ અભ્યાસ (બાઈબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ : ભાગ ૧ થી ૧૦
 પહેલા અને બીજાનું પુનઃર્મુદ્રણ)
- માનવીનાં દુ:ખમાં ઈશ્વર ભાગ લે ખરો ? (ટ્રાક્ટ) બ્રેઈલમાં પણ
- યરુશાલેમનું મંદિર બંધાશે ? ક્યારે ? ક્યાં ? કેમ ? (બે આવૃત્તિ)
- દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન (પુનર્મુદ્રણ)
 (હિન્દી અને અંગ્રેજીમાં પણ થશે)
- પુનરુત્થાનો, ન્યાયકાળો અને પ્રભુનું પુનરાગમન
- રશિયા, ઈઝરાયલ અને બાઈબલ (બીજી આવૃત્તિ)
- ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ (ચાર્ટસ)
- માર્ગદર્શિકા (ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ માટે)
- બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતીકોશ (ભાગ-૧)
- બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતીકોશ (ભાગ-૨)
- જોષ જોવાનું પાપ (બીજી આવૃત્તિ) (હિન્દી અને અંગ્રેજીમાં પણ થશે.)
- બાઈબલનો શબ્દકોશ
- આપણાં મધુરો ગીતોના અધૂરા ઈતિહાસ
 (શ્રીમતી જયવંતીબહેન ચૌહાનના સહયોગથી)
- ઈસુના પગલે પગલે
- અનેક માની આંસુભરી પ્રાર્થનાનાં પરિણામ
 (શ્રીમતી જયવંતીબહેનના સહયોગથી)
- બાઈબલનો ગુજરાતી તરજુમો અને ઈશ્વરે પોતે ઉચ્ચારેલાં નામ

7BGK2